॥ श्री ॥

॥ परमात्मने नमः ॥

श्री स्तवनचिन्तामणी

भाग १ लो.

સર્વે જૈન હિતેચ્છુ સજ્જનોને માટે

યથામતી રચી પ્રસિદ્ધ કર્તા.

જૈન સમાજ,

ધ્રાંગધ્રા.

આવૃત્તિ પહેલી. પ્રત ૫૦૦

જ્ઞાન સમો કોઈ ધન નહીં, સમતા સમો નહીં સુખ;
જીવીત સમી આશા નહીં, લોભ સમો નહીં દુઃખ.

અમદાવાદ

ધી યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની, લિમિટેડ

સંવત ૧૯૫૩. ઈ. સ. ૧૮૯૬.

કીમત રૂ. ૦-૪-૬

પ્રસ્તાવના.

આ પુસ્તક વાંચનાર સુલભ બુદ્ધી સ્વામી ભ્રાત્રને વિનંતી પૂર્વક પ્રાર્થના કરવાની કે અંમારી દ્રષ્ટીદોષથી, અથવા તો અમારી અલ્પ બુદ્ધીવડે બનાવી આપની દીર્ઘ દ્રષ્ટિ ગોચર કરેલ આ "સ્તવન ચીંન્તામણી" નામની બુકમાં જે કાંઈ ભુલચુક દ્રષ્ટિગોચર થાય તે ક્ષમા કરી આપના કમલ નાલી શમ કોમલ ભુજ બાહુને સુક્ષમ તસ્દી આપી અમારા તરફ લખી જણાવા કૃપા કરશો કે જેથી આ પુસ્તકની બીજી આવૃત્તીમાં જે કાંઈ ભુલ ચુક હોય તે સુધારા વધારા સાથે દુરસ્ત કરવામાં આવે.

વીનંતી.

જૈનસમાજ ધ્રાંગધ્રા.

જુઓ ! જુઓ ! પ્રીય જૈનીયો જુઓ !

પ્રીય જૈનીઓ ? આપણે જૈન મંદીરમાં જતાં ત્રણ નીશહી કહીએ છીએ. પણ નીશહી એટલે શું ? અને કીએ કીએ ઠેકાણે નીશહી કેહેવી, તે બીન સમજે ગુરૂવાદીક તરફથી પુરતું જ્ઞાન નહીં મેળવતાં ગાડરીયા પ્રવાહની માફક નીશહી નીશહી કહે છે તે બીલકુલ બીન સમજણ છે. જુઓ પહેલી નીશહી જૈન મંદીરના પ્રથમ પાગ (પગથીયા) ને વિષે ચડતાં કેહેવી, નીશહી તે શું ? તેનો ભાવાર્થ એજ કે સર્વ સાવદ્ય વેહેવાર (વેપાર) તેની નીશ્રંછના કરૂં છું, અથવા તો ત્યાગ કરૂં છું એમ કહી જૈન મંદીરમાં પ્રવેસો બ્હારના ગભારેથી પ્રભુજીનાં દરશન કરી પ્રથમ પ્રદક્ષણા દીજે. પ્રથમ પ્રદક્ષાણામાં જીન પ્રસાદના દરેક નીચેના સ્થળને વીષે કોઈ પણ જાતની અસુચી હોય તેની વર્જના કરી ઉપર કહ્યા મુજબ પ્રભુજીનાં દરશન કરીએ.

ત્યાર બાદ બીજી પ્રદક્ષણા દીજે તે પ્રદક્ષણાને વિષે મંદીરના ઉર્ધ અથવા તો અર્ધ વીભાગ સુધીમાં કોઈ પણ જાતની અસુચી હોય તેને નીવારી પ્રભુજીને નમન કરી ત્રીજી પ્રદક્ષણા દીજે. ત્રીજી પ્રદક્ષાણામાં મંદીરના સીખર અને પતાકા સુધીમાં જે કાંઈ અસુધી હોય તેની વર્જના કરી, બીજી નીશહી કહી પ્રભુજીનાં દરશન કરી દ્વીતીય ગભારો જે રંગ મંડપ તેને વિશે ગમન કરીએ (જઈએ). ત્યાં નીશહીનો ભાવાર્થ એજ કે સાવદ્ય વેપારતો શું ? પરંતુ જૈન મદીરના જે જે વિભાગમાં અસુચી ટાળીને આવ્યા તે વિભાગને વિષે પણ હવે દ્રષ્ટી ગોચર કરવી નહીં અથવા તો અરશ પરશ હાસ્ય કુતુહળ અગર તો નયન રેશે પણ જોવું

નહીં એમ ધારી પ્રભુજીની ચંદનાદીકથી અષ્ટપ્રકારી પુજા કરીએ. ત્યાર બાદ ત્રીજી નીશહી કહી ચૈત વંદન કરીએ, ત્રીજી નીશહીમાં શું શું નીષેધ કરવું ? આગળ જે બે નીશહીમાં કાર્ય કર્યું તેને વિષે કોઈ પણ પ્રકારની કેલામણા અગર તો પોતાના ઉપર કોઈ પણ જાતનાં સંકટ અથવા તો કષ્ટ આવે તો પણ એક પ્રભુજીના ગુણ ગ્રામ શીવાય અન્ય ઠેકાણે ચીતને ભ્રમીત કરે નહીં એમ વીચાર કરી મન વચન અને કાયા એ ત્રણે જોગ સુદ્ધમાન કરી પુરણ પ્રેમથી પ્રભુજીની ભાવના ભાવીએ; કહ્યું છે કે "ભાવના ભવનાશની" ભાવ વિના જે મનુષ્ય ધર્મ કાર્ય કરે છે તે છાર ઉપર ગારના લેપ શમાન છે.

તો મારા જૈની ભ્રાતાઓ ત્રણે નીશહીના સુધમાન અહીં લખ્યા કરતા પણ વધારે બોધદાયક બીજા ગ્રંથોથી ભાવાર્થ સમજી પ્રભુજીની દ્રવ્યે અને ભાવે પુજના કરો કે જેથી આ ભવ ને પરભવ અચળ સુખની વૃદ્ધી થાય અને અન્તે મોક્ષગતીને પ્રાપ્ત થઇએ.

ચૈતવંદન.

ઇછામી ખમા શમણો વંદીયુ જાવણીજ્જાયે,
નીસહીઆએ મથ્થ એણ વંદામી. ઇચ્છાકારેણ સંદીસહ ભગવન ચૈતવંદન કરૂં. ઇચ્છં.
શકળ કુશળ વલ્લી પુષ્કરાવર્ત મેઘો દુરિત તિમિર ભાનું,
કલ્પ વૃક્ષોપમાન ભવ જળ નીધી પોતઃ સર્વ સંપત્તિ હેતુ,
શભવતુ સતતંવ શ્રેયસે શાંતીનાથઃ શ્રેયસે પાર્શ્વનાથઃ
આશ પુરે પ્રભૂ પાસજી તોડે ભવ પાસ,

વામા માતા જનમીયો અહી લંચ્છન જાસ. ૧
અશ્વસેન સુત સુખ કરૂએ નવહાથની કાય,
કાશી દેશ વણારસી, પુણ્યે પ્રભૂ આય. ૨
એક શત વરસનું આઊખુંએ પાલીપાશ કુમાર,
પદ્મ કહે મુગતે ગયા નમતાં સુખ નીરધાર. ૩

ચૈતવંદન ૨ જું.

બાર ગુણ અરીહંતદેવ પ્રણમી જેં ભાવે.
સિદ્ધ આઠ ગુણ શમરતાં દુઃખ દોહગ જાવે, ૧
આચારજ ગુણ છત્રીશ, પચવીશ ઉવઝાય,
સત્તાવિશ ગુણ સાધુના શમરતાં સુખ થાય. ૨
અષ્ટોતેરસેં ગુણ મળીએ એમ શમરો નવકાર,
ધીર વીમળ પંડીત તણો નય પ્રણમે નીતશાર. ૩

જંકિંચિ નામતિથં સગેપાયાલિ માણુસેલોએ જાઈંજિણ બિંબાઈં તાઈં સવાંઈં વંદામી.

નમૂથ્થુણ (સકરસ્તવ)

નમૂથ્થુણં અરિહંતાણં ભગવંતાણં આયિગરાણં તિથ્થયરાણં સયસંબુદ્ધાણં પુરિ સ્સુત્તમાણં પુરિસ સીહાણં પુરિસવરપુંડરીઆણં પુરિશવરગંધ હથ્થીણં લોગુત્તમાણં લોગ નહાણં લોગહિઆણં લોગપઈવાણં લોગપજ્જો અગરાણં અભય દયાણં ચખ્ખુદયાણં મગ દયાણં સરણુદયાણં બોહિદયાણં ધમ્મદયાણં ધમ્મદેસયાણં ધમ્મ નાયગાંણં ધમ્મસારહીણં ધમ્મવર ચાઊરંત ચક્કવટ્ટીણં અપ્પડિહયવરનાણ દંસણ ધરાણં વિઅટ્ટછઉમાણં જિણાણં જાવયાંણં તિ-

ત્રાણું તારયાણું બુદ્ધાણું બોહયાણું મૂત્તાણું મોઅગાણું સવ્વનુણ્ સવ્વદરિસીણુ સિવ મયલ મરૂઅ મણુંત મખ્ખય મવ્વાબાહ મપુણુરાવતી સિદ્ધિ ગઈ નામધેયં ઠાણું સપત્તાણું નમોજીણાણું જીઅ ભયાણું જેઅઅઇયા સિદ્ધા જેઅભવીસ્સ તણા ગએ કાલે સંપઇય વટ્ટમાણા સવ્વેતિવિહેણુ વંદામિ ॥ઇતિ. ન.॥

જાવંતિ ચેઈ આઈ ઊઢ્ઢેઅ અહેઅતિરિલોએઅ સવ્વાંઈ તાઈવિંદે ઇહસંતો તથ્થસંતાઈ ॥૧॥ જાવંતિ કેઈ સાહુ ભરહેર વય મહા વિદેહે અસવ્વેસિતેસિ પણઓ તિવિહેણુંતિ દંડ વિરયાણું ॥૨॥

નમો અર્હત્સિદ્ધા ચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ ॥

(ઈંહાં સ્તવન કેહેવું અગર ઉવસગહર સ્તવન કેહેવું.

બંને નીચે લખીએ છીએ.)

સ્તવન ચઉદમાશ્રી અનંતનાથભગવાનનું

ઢાલ તરવારની સોહિલી દોહિલી ચઉદમા જીનતણી ચરણુ સેવા,
ધાર પર નાચતાં દેખ બાજીગર સેવના ધારપર રહે ન દેવા ઢાલ. ૧

એક કહે શેવીએ વિવિધ કીરીયા કરી,
ફલ અને કાંત લોચન ન દેખે,
ફલ અને કાંત કીરીયા કરી બાપડા,
રડવડે ચ્યાર ગતી માંહી લેખે. ઢાલ. ૨

ગચ્છના ભેદ બહુ નયણુ નિહાલતાં,
તત્વની વાત કરતાં ન લાજે.
ઉદર ભરણાદિ નિજકાજ કરતાં થકાં,
મોહ નડીઆ કલીકાલ રાજે. ઢાલ. ૩

વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો.
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ,
સાંભલી આચરી કાંઈ રાચો. ઢાલ. ૪
દેવ ગુરૂ ધર્મની શુદ્ધિ કહો કીમ રહે,
કીમ રહે શુદ્ધ સરધા ન આણો;
સુધ સરધાન વિણુ સર્વ કીરીયા કહી,
છારપર લીપણો સરસ જાણો. ઢાલ. ૫
પાપ નહીં કોઈ અસુત્ર ભાષણ સમો,
ધર્મ નહીં કોઈ જગ સુત્ર સરીખો,
સુત્ર અનુસાર જે ભવીક કીરીયા કરે,
તેહનો સુધ ચારીત્ર પરખો. ઢાલ. ૬
એહ ઉપદેશનું સાર સંક્ષેપથી,
જે નરાચીતમાં નીત ભાવે;
તે નરા દિવ્ય બહુ કાલ સુખ અનુભવી,
નીત આનંદ ધનરાજ પાવે. ઢાલ. ૭

અથ ઉવસગ્ગ હરસ્તવન.

ઉવસગ્ગ હરંપાસં પાસં વંદામિ કમ્મઘણ મૂકં વિસહર વિસનિન્નાસં મંગલ કલ્લાણ આવાસં ॥૧॥ વિસહર ફુલિંગમંતં કંઠે ધારેઈજો સયામણુઓ તસ્સગહરોગમારી દુઠુજરા જંતિ ઉવસામં ॥૨॥ ચિઠ્ઠઉદૂરેમંતો તુઝ્ઝપણામોવી બહુ ફલો હોઈ, નર તિરિએ સુવિજીવા પાવંતી ન દુઃખ દોગચ્ચં ॥૩॥ તુહ સમત્તે લધ્ધે ચિંતામણિ કપ્પપાય વબ્ભહિએ પાવંતિ અવિગ્ઘેણં જીવા અયરામ

રહાણું ॥૪॥ ઇયસંથુઓ મહાયસ ભત્તિભર નિબ્ભરેણ હિઅએણ તાદેવ દિજ્જબોહિં ભવે ભવે પાસ જિણચંદ ॥૫॥ ઇતી. ઉ.

અથ જયવીયરાય લીખ્યતે.

જયવીયરાય જગ ગુરૂ હોઉમમ તુહપ્પ ભાવઓ ભયવંભ નિવ્વેઉ મગ્ગાણું સારિયા ઇટ્ઠફલસિદ્ધિ ॥૧॥ લોગ વિરૂદ્ધચ્ચાઓ ગુરૂજણ પુઆ પરથ્થ કરણંચ સુહગુરૂ જોગો તવ્વયણ સેવણા આ ભવ મખ્ખંડા ॥૨॥ વારિજ્જઈ જઇ વિનિઆણ બંધણ વીય રાય તુહસમએ તહવિમમહુજ્જસેવા ભવેભવે તુમ્હ ચલણાણ ॥૩॥ દુખ્ખખઓ કમખ્ખઓ સમાહિમરણંચ બોહિલાભોઅ સંપજ્જઓ મહએઅં તુહનાહપણામ કરણેણં ॥૪॥ સર્વ મંગલ મંગલ્યં સર્વ કલ્યાણ કારણં પ્રધાનં સર્વ ધર્માણં જૈનંજયતી શાસનં ॥૫॥ ઇતી જય વીયરાય.

અથ અરિહંત ચેઇયાણં.

અરિહંત ચેઇઆણં કરેમિ કાઉસગ્ગં વંદણ વત્તિઆએ પુઅણવત્તિઆએ સક્કાર વત્તિઆએ સમ્માણ વત્તિઆએ બોહિલાભ વત્તિઆએ નિરૂવસગ્ગ વત્તિઆએ સદ્ધાએ મેહાએ ધિઇએ ધારણાએ અણુપ્પેહાએ વઢ્ઢમાણીએ ઠામી કાઉસગ્ગં.

અનથ્થ ઉસસીએણં નીસસીએણં ખાસીએણં છીએણં જંભાઇએણં ઉડુએણં વાયનિ સગ્ગેણં ભમલિએ પિત્ત મુચ્છાએ સુહુમેહિં અંગસંચાલેહિં સુહુમેહિં ખેલ સંચાલેહિં સુહુમેહિં દિઠ્ઠિ સંચાલેહિં એવમાઇહિં આગારહિં અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે

કાઉસગ્ગો જાવ અરિહંતાણું ભગવંતાણું નમુક્કારેણું નપારેમિ તાવકાયં ઠાણેણું મોણેણું ઝાણેણું અપ્પાણુ વોસરામિ.

(ઈહાં એક નવકારનો કાઉસગ્ગકરી જે આવડે તે થોઈ કહેવી.)

થોઇ.

શાન્તી સુહંકર સાહબો શંજમ અવધારે,
સુમતીને ઘર પારણું ભવ પાર ઉતારે;
વીચરંતા અવની તળે તપ ઉગ્ર વીહારે,
જ્ઞાન ધ્યાન એક તાનથી તીર્યંચને તારે.

५४७८

श्री स्तवन चिन्तामणी.

श्री वीर भगवान प्रते स्तुति

छंद भुजंगी.

सदा सिद्ध बुद्धा नमो वीर स्वामी,
क्षुधा आपदा आद जेने विरामि;
दम्या वयरी आठे हता जे हरामि,
शदा सिद्ध बुद्धा नमो वीर स्वामी. ॥१॥
महा तुंड मोहांध माया निवारी,
वळि काठिया तेर सेजे विदारि;
मदाष्टा निवारी गति च्यार वामी,
सदा सिद्ध बुद्धा नमो विर स्वामी. ॥२॥
सुरासुर राची करे भक्ती साची,
करे चुर कर्मो किधां जे निकाची;
रह्या भाग्यवंता प्रभू भाव पामी,
सदा सिद्ध बुद्धा नमो वीर स्वामी. ॥३॥
कर्यां पापघाति ठगी नात जाति,
पितु मात भ्राता रमा ते तथापि;
थया तुज ध्यानेशदा सीवगामी,
सदा सिद्धबुद्धा नमो वीर स्वामी. ॥४॥

मटे रोग सोगादी भोगाबीजोगा,
तजे तार्जना व्यंतरा कुंदी लोका;
नछे जंत्र दुजो नमो वीर स्वामी;
सदा सिद्ध बुद्धा नमामि नमामि. ॥५॥

પીલુ ઠુમરી પદ ૧ લું.

પ્રભૂ પાસ ચીન્તા મન મેરો, હાંરે પ્રભૂ પાસ ચીન્તા મન મેરો. (ટેક.)

મીલ ગયો હીરો ને મીટ ગયો ફેરો,
નામ જપું નિત તેરોરે. પ્રભૂ૦ ૧
પ્રીત લાગી મેરી પ્રભૂસે પ્યારી,
જેસો ચંદ ચકોરોરે. પ્રભૂ૦ ૨
આનંદ ઘન પ્રભૂ ચરણ સરણહે,
ઓાત દીયો મુક્તી ડેરોરે પ્રભૂ૦ ૩

રાગ ઝીંઝોટી ઠુમરી પદ ૨ જું.

જોબનાં જોર ભયો એસે પ્રભૂ ચરણે ચીત લાવ,
ભલાજી તમે વીખીયાકી સંગ મત જાઓ. જો. (ટેક.)
ઉદર ભરનકે કારનેરે કાંઈ ગઉવા વનમે જાય. જો. ૧
ચારો ચરે ચઉદીશ ફરેરે વાંકોચીત વાછરવામાંહે. જો. ૨
પાંચ શાત સાહેલડીરે, કાંઈ હીલ મીલ પાણીડાંરે જાય. જો. ૩
નટવો તે નાચે ચોકમાંરે, કાંઈ લોક મળ્યા લખકોડ. જો. ૪
વાંસ ગ્રહી વરતે ચડયોરે, વાંકો ચીત રહ્યો એક ઠોર. જો. ૫
જુગારીને મન જુગટુંરે, કાંઈ કામીને મન કામ. જો. ૬
આનંદ ઘન પ્રભુ એમ કહેરે, તુંમે ભવી સેવો ભગવાન. જો. ૭

રાગ કેરબો પદ ૩જું.

શમજ પડી મોહે શમજ પડી,
મોહે જગમાયા સબ જુઠી; (ટેક.)
કાલે કાલે તું કયા કરે મુરખ;
નહીં ભરૂંશા પલ એક ઘડી. જગ૦ ૧
ગાફીલ છીનભર નાંહી રહો તુમ,
સીર ધુમે તેરે કાળ અરી. જગ૦ ૨
ચીદાનંદ એ વાત હમારી પ્યારે,
જાણે ચીત મન માંહે ખરી. જગ૦ ૩

કાફીનો જીલો પદ ૪ થું.

પાસ પ્રભુજી કે ચરણ કમલ બીચ ચિત થીર રહે રહેરે. (ટેક)
અશ્વસેન વામાજીકો નંદા, સુણીયો અરજ અમારીરે;
ભવસાગરથી તારો પ્રભુ, બાંહ્ય મેરી ગૃહે ગૃહેરે. પાસ૦ ૧
ક્રોધ માન માયા મદ તજકે, ચોતીશ અતીશય ધારીરે;
સમેત શીખર ગીરી ઉપર જાકે શીવપુર લહે લહેરે. પાસ૦ ૨
ભાવ ભગતસેં જો ગુણ ગાવા, આવા ગમનની વારેરે;
તીન ભુવનકે બીચ પ્રભુજી, જશ તેરો કહે કહેરે. પાસ૦ ૩

વસંત પદ ૫ મું.

અનુભવ ચીત મીલાયદે મોકું, સ્યામ સુંદર વર મેરારે. (એ ટેક)
સીયળ ફાગ પીયા સગ રમુંગી, ગુણ માંનુંગી મે તેરારે;
જ્ઞાન ગુલાલ પ્રેમ પીચકારી, સુચીસરધા રંગ રંગ ભરેરે. અનુ૦ ૧
પંચમીથ્યાત નિવાર ધરૂંગી મેં, સંવર વેસ ભલેરારે;
ચીદાનંદ એસી હોરી ખેલત, બહુર ન હોય ભવ ફેરારે. અનુ૦ ૨

પદ ૬ ઠું.

પાણીમેં મીન પ્યાસી સુન સુન આવત હાંસીરે. (ટેક)
સુખ સાગર સબ ઠોર ભર્યો હે તું કાં ભયો ઉદાસીરે. પાણી૦ ૧
આત્મ ગ્યાન બીન નર ભટકત હે ક્યાં મથુરાં ક્યાં કાસીરે. પાણી૦ ૨
માન મુની કહે એ મુની સાચો સેહેજે મીલે અવીનાશીરે. પાણી૦ ૩

પદ ૭ મું.

અંતર મેલ મીટ્યો નહીં મનકા ઉપર તન ક્યા ધોયારે,
સોળ શણગાર સજીરે શરીરપર મુખડા કાચમેં જોયારે. અંતર૦ ૧
અગર અતર અબીર અરગજા ગંદા દેહસંગ મોહ્યારે. અંતર૦ ૨
સરસ આહાર કરી તનને પોસે ત્રીયા પલંગપર સોયારે. અંતર૦ ૩
કહે જીનદાસ જે અક્ષય અમરપદ જગ નીરખ્યા તગ રોયારે. અંતર૦ ૪

ઠુમરી પદ ૮ મું.

રખે નાચતાં પ્રભુજી આગે લાજ ન આણો. (ટેક).
લાજે વીણશે કાજ કેઈનાં જીવ અનંત કાળ અથડાણો. રખે૦ ૧
ઈંદ્રહી નાચે ચંદ્રહી નાચે નાચે વિદ્યાધર રાય રાણા. રખે૦ ૨
રૂપચંદ કહે નાથ નીરંજન સાચો સદા સુખ એ જાણો. રખે૦ ૩

કેરબો પદ ૯ મું.

હાંરે ચીતમેં ધારો પ્યારે ચીતમેં ધારો, એતી સીખ અમારી, પ્યારે. ટેક.
થોડા જીવનકા કાજ અરે નર, કાયકુ છલ પરપંચ કરો. એતની૦ ૧
કુડ કપટ પર દ્રોહ કરો તુમ, હાંરે નર પરભવથી કયું ન ડરો. એ૦ ૨
ચીદાનંદ જો એ નહીં માનો તો, જન્મ મરણ દુઃખમેં પરો. એ૦ ૩

રાગ પંજાબી પદ ૧૦ મું

શ્રી જીન પાસ દયાલ લગા મેરા નેહેરા શ્રી જીન પાસ તું સદાનીલા.(ટેક)
અશ્વસેન નંદન જગવંદન વામાજીકે લાલ લગા મેરા નેહેરા શ્રી૦ ૧
હરખચંદ સેવક અપનનકા મીટે ભવજંજાલ લગા મેરા નેહેરાશ્રી૦ ૨

રાગ બીહાગ પદ ૧૧ મું.

સીયળ નીત પાળો પ્રાણી સીયળ ધરમકા મુળરે. ટેક.
સીયળ સતી સીતાયે પાળ્યું, અગની કુંડ ભયો પાણી. સીય૦ ૧
સીયળ સતી સુભદ્રાયે પાળ્યું, ચારણીમેં ભર લીયો પાણી. સીય૦ ૨
સીયળ શેઠ શુદરશને પાળ્યું, સુળી થઈ વીમાનરે. સીય૦ ૩
દાનસીયળ સંજમ વ્રત પાળ્યું, શીવ સુખ આવા દાનીરે. સીય૦ ૪

પદ ૧૨ મું.

ચોતાલ અથવા ગમે તે રાગમાં ગવાતું.

પવન કા કરે તોલ ગગન કા કરે મોલ,
રવી કા કરે હીંડોળ એસો કોન નરરે. પવ૦ ૧
પથર કો કાંતે સુત, બંઝેકો પડાવે પુત,
ધટમેંજ બોલે ભુત વાંકો ધર કોનરે. પવ૦ ૨
બીજલીશેં કરે બેહયા ધ્રુકું ચલાવે રાહા,
સમુદ્રકો લાવે છાહા નીરભરા ભરરે. પવ૦ ૩
બડા દીનકી બડી રાત વાંકી કોન માત તાત,
ઈતની બતાવો બાત, જસ મેરા ગુરૂરે. પવ૦ ૪

રાગ બીહાગી પદ ૧૩ મું.

(ધતોરે દુઃખદ કલેશ શહુને) એ રાગ.

પૂજોરે ભવી પાર્શ્વ મુંનીન્દુ, પાપ પરમાદ અનાદ ઉવારી
ડાભપરે દુનીયા જલ બીન્દુ, પુજોરે ભવી. ટેક.
નિજ મત મિથ્યા સ્થાપ કરી,
નીજ માનમેં જાત વધી ભવ સીન્ધુ. ડાભપરે, પુજો૦ ૧
જીન આણા ઉથાપક ખલહુલો,
કાળ ભમે પામી દુઃખ દીન્દુ. ડાભપરે, પુજો૦ ૨
જીન સરીખી જીન પડીમા નીરખી,
હરખ ધરી પુજો નર ત્રિન્દુ. ડાભપરે, પુજો૦ ૩
ભાઈ કુમતા કીરકી અલગી અબ,
અષ્ટ પ્રકાર કરી જીન વંદુ. ડાભપરે, પુજો૦ ૪

પદ ૧૪ મું.

(રાગ મેતાજીરે સું મહી મુલ જણાવું.)

નાભીનારે નંદન જગ જયકારી, તુજ મુરત મોહનગારી.
કુમતા શમરે તીમિર રહ્યું છે હારી, સુગુરૂ મુખ આગમ ધારી. (ટેક)
હું કુગુરૂ કુપંથે ધાયોરે, મુળ અર્થ અને અથડાઓરે;
લપટાઓરે લલીત વચનની લારી. તુજ મુરતી૦ ૧
નિજ પંથ પરૂ પણ થાવારે, ઉથાપે શાસ્ત્ર આળાવારે;
નિજ માંનેરે આપ અસી સીર મારી. તુજ મુરત૦ ૨
તનપર પરભુતા દરસાવેરે, અભ્યંતર છલ નવ માવેરે;
રહે રાચીરે સાચી વાત વીસારી. તુજ મુરત૦ ૩

એ ભુલ અનાદીનીવારીરે, મેં ભંડોમા જીન જુહારીરે;
પ્રભુ આગેરે કીર કરે લાચારી, હવે બાંહ્ય ગ્રહો પ્રભુ મારી. ના૦ ૪

પદ ૧૫ મું.

રાગ બંજારો.

હે અજીત જીનંદ દયાળુ, ગુણ અગણીત કેમ વીસારૂં (ટેક.)
હું નીગોદમાં બહુ ભમીયો, વળી અનંત કાયમાં દમીયો;
થયો છીન્ન ભીન્ન કરૂણાળુ, ગુણ અગણીત કેમ વીસારૂં. ૧
જલ જલણ વાયુમાં વળીયો, હીન પુન્યે રૂખમાં પડીયો;
કંપે તન જો સંભારૂ, ગુણ અગણીત કેમ વીસારૂં.
દુઃખ સહ્યાં બેરીંદ્રી માંહે, ભવ કર્યા અનંતા ત્યાંહે;
હું ભમ્યો થઈ લાચારૂ, ગુણ અગણીત કેમ વીસારૂં. ૩
ઇલિ માંકણ ઢીકણ કુંથુ, ઉદેહી આદે કેઈ જંતુ;
થયો તે રીંદ્રી આગાર, ગુણ અગણીત કેમ વીસારૂં. ૪
ભમરા તીડ મચ્છ આદે ત્યાં પામ્યો દુઃખ પરમાદે;
કાંઈ મળ્યું નીકળવા બારૂં, ગુણ અગણીત કેમ વીસારૂં. ૫
અજ મહીપ મચ્છ પક્ષીમાં, બહુ સહ્યા વધ પાપીના;
હરી આદે થયો હત્યારૂ, ગુણ અગણીત કેમ વીસારૂં. ૬
પચીંદ્રી દેહ હું પામ્યો, નીચ કુળ વીશે અથડાણો;
રસ વસે થયો હત્યારૂ, ગુણ અગણીત કેમ વીસારૂં. ૭
સુદેશ સુકુળ લક્ષમીને, સુગુરૂ દેવ આદીમે;
કાંઈ શુદ્ધ થયું મન મારૂં, ગુણ અગણીત કેમ વીસારૂં. ૮
હતું દુરલભ દરશન તારૂં, તે પુન્યે આજ જુહાર્યું.
છું તુજ શરણે કરૂણાળુ, ગુણ અગણીત કેમ વીસારૂં. ૯

ખરૂં ભાગ્ય ઉદય છે મારૂં, છે દુઃખમ કાળ વિકાળુ;
મળ્યું દરશન કીરને તારૂં, ગુણ અગણીત કેમ વીસારૂં. ૧૦

પદ ૧૬ મું.

પ્રીયા મુજ પ્રાણથી પ્યારી. (એ રાગ).

અજીત જીન આપજો સેવા, દરશ ઘો દીનને દેવા. તનથી,
મનથી, ભવથી, સુખથી, તરી તુજ ચર્ણ પદ લેવા. અજીત,–(ટેક.)
અનંત ભવમાં પ્રભુ ભમતાં નહીં ક્ષીણ શાન્તી કે શમતા.
મમતા ભ્રમતા શ્રમતા દિનતા કરી ફૂર દામને લેવા. અજીત. ૧
અનિત્યને નીત્ય કરી જોયો હીરો મેં કાચ કરી ખોયો.
શમજ્યો અભતો નમતો ભજતો જચે કીર સ્થીર શીવલેવા. અજીત. ૨

પદ ૧૭ મું.

(પ્રીતમ મુજ પ્રાણ છો હા હા હા (એ રાહ.)

અજીત જીન જાણછો મુજ મનના, તીમીરપર ભાણછો અરીમનના,
ભુલો સું પીછાનછે ગયું ધનમાં, સુખી દુઃખા જાણછો દીનજનના;
આગે હતું એક મંદીર વસવું, ભોજન શયન તાલી લેઈ હસવું.
છેડો ન છોડતાં ધારૂં હું ખસવું, તેથી શું ? એ ધ્યાન છો. કોવીચારી.
નીતીનું ન નામછે એડાવારી, કરોપટ દુર શું રે શરમના. ભુલોશું. ૧
જાણ પીછાન શબંધછે મનમાં, હાંશી જગત દીનશાથ ગમનમાં,
રણસુર રક્ષન આપ અબળના, પુન્યે તુંથી હીન્યછું તેથી જાચું.
દંભીથી જે જાચવું એજ કાચું,
ગરજીને ન ગ્યાનછે રે ભરમણા. ભુલો શું. ૨
તેં થવું ધાર્યું પ્રભુ હુંથી અલગું, મુજ મન ભક્તી શહીત તુંથી વળગ્યું.
રાહ દીઠી હવે શેજ છે મળવું, દયા દાન મારગી શંગ આવું.
રીઝોછો ધ્યાનથી શમઝાયું, પ્રભૂ કીર બાણછો દીનજનના. ભૂલો શું. ૩

પદ ૧૮ મું.

(ચંદ્ર પ્રભુજીશે ધ્યાનરે એ રાગમાં ગવાઇ)

ક્યું તું પ્રથમ મહી પાલરે, હુંશે પ્રીતી વીછોહે. (ટેક)
આપ ગમતમે ગુરૂ બને તુંમ, મારત પીન નહું જાત કદમ દમ,
હમ એક દીન તુમ નાતે, ખાતે સંગમે દુખસે જલતે બલતે;
પઢતે એક દીન લારેબારે, પડતે લડતે લકડ પથ્થર,
થપ્પડ મારી જાત ધરે એબાત દીલમેંયાદ કરયુગાદ બનીઆજ.
સીરતાજ એઠેરાજ પ્રિતીકાજ કીરતાર પ્રભૂતાર જગદીશે તું મોહે.
ક્યું તું૦ ૧

પદ ૧૯ મું.

(રાગ ડાપણમાં પામ્યો દુઃખરે.)

સુવિધીજીન સેજાનંદરે (૨) મચ્છધરલછ તનસ્ફટીકશમતું
કાકંદીના વૃંદરે. સુવીધી. (ટેક.)
ક્રોધમાન માયા મદવારી, કુમતાકો કરછાર, કરમસત્રું સું કરી
ગર્જના, છોડી કુમંતાનાર, સુમતપરપ્યાર, ધરી ધુર ચાર,
થયા જગ વંદરે. સુવીધી. ૧
લેઈ દીક્ષા ઉપદેશ ન ભાંખે, જબલગ નાવે નાણુ,
તપજપ ધ્યાને કર્મ જલાવી; નાણુલીયે જગભાણુ, જગત વીશ્રામ,
કરે ગુણુગ્રામ, સકળ સુર વૃંદરે. સુવીધી. ૨
રામા માત તણા પ્રભુ જાયા, સુગ્રીવ કુળ વીખ્યાત,
જગતજંતુ કરૂણા કર સ્વામી, વારી કરમ ગતીચાર, વર્યા શીવનાર,
કીરને તાર, ભવીચીત ચંદરે. સુવીધી. ૩

પદ ૨૦ મું.

(તમે તો શંકર સુખ કરહો એરાગ,)

સુખકર શીતલજીન સર્વથા.
સકળ જગધર ગુણ પુરંધર મીથ્યા મતી અરી મહહરા સુખકરા,
દુઃખહરા જીનવરા જયકરા મુનીવરા,
અખીલ વિશ્વ સીરાજ વંદીત. સીત. ૧
અરીહંત મંગલ સિદ્ધ શાહુ, નાણીભાષિત ધર્મએ,
એ ચતુર મંગલ નિત્યનમતાં, જય થશે જગવિષે, દશ દીશે પામશે.
અચળ સાનિદ્ધ સિદ્ધ શીવ વધુ, નમતાં ગુણતાં થુણતાં કીર સાથે
કષ્ટ કાપો સર્વનાં; શીતળ જીનશર્વદા. સુખકર. ૨

પદ ૨૧ મું. રાગ ઝીંઝોટી.

(રાગ પ્રતીત ધરી આયો (૨) શીતળ નાથ)

મેં તોરી રૂખ જાની (૨) દ્રઢ રથનંદ; મેં તોરી. (ટેક)
જગજંતુ કરૂણા કર પ્રાણી, પર આતમ આતમ નિજ ધારી,
તું તેનાપર દાની. દ્રઢરથનંદ. મેં તોરી. ૧
આગમ નોઆગમ નવ શોધે, નિજનિજ બોધે તત્વ વીરોધે,
સુતેનીગત હાની. દ્રઢરથનંદ. મેં તોરી. ૨
ગુરૂગચ્છ દાક્ષીણ પ્રભૂપંથલોપે, આયુ નિજબાંધે નરક નીગોદે;
શુંકહેવે ગુરૂગ્યાની. દ્રઢરથનંદ. મેં તોરી. ૩
કુમતી અનાદી પુન્ય પુંજ્ય ખાએ, પેખો સુભાસુભ કાળમાન જાએ,
શું બોલે સુત્ત નાણી. દ્રઢરથનંદ. મેં તોરી. ૪
ભવવન માંહે ડગરન દેખું, કીર કરશાહે કાંઇ પંથ પેખું,
શ્રી શીતલ સ્વામી. મેં તોરી. ૩

પદ ૨૨ મું. (રાગ)

આવો આવો શખ્ખરીશુ ગુનધુન ગાઓ ગાઓ મળી વાસુ પુ-
જ્ય જીનપ્રસાદ માંહે આવો. (ટેક.)
તનુ અધ કુમતા કૃષ્ણ કૃષ્ય કરી, મનસુભશરધા શરલશરળ ધરી,
કુમત કુભંડ કુફંદ નીવારી, ચંદનેમૃગમદા પુષ્પનેઅરગજા, સ્નેહ
ધરોજયું, પંકજનીરમળ જળ ગંગધારી, પ્રીતપપૈયાવસાદ માંહી. આવો.૧
જીન તનુ રંગે પુજનરીઝનથી, કુગતવીપત ગત જાત ભુવનથી;
સુરનર સારત શેવ ગગનમાં, નરનાવૃંદમાં સુતઆગમમાં, ઊધર્યા કે-
ઇનર જીનપડીમાજીનશરીખી ધારી, પુજે ભવીએ મૃપાદવારી. આવો.૨
રિષ્ટનિષ્ટ નીજ કુબુધા વારી, શ્રેષ્ટગોષ્ટી કરો જીન ગુણ ગાઈ,
વિન આલંબન શીવપદ નાંહી, જીનનીવાણી સુતથીજાણી;
ઓધામુપ્પતી શીવ નહીં એમાં, પણ આલંબન, કીરશાઈ ખત પુજે
સુતધારી. આવો આવો. ૩

પદ ૨૩ મું.

(અરે ઓપનીહારી નહીં ગભરાઓ એ રાગમાં)

અરે ઓ હરઓરે નહીં ભરમાઓ (૨) બુદ્ધીથી નીહાળો,
તજ્યા રાજ રમા દીલ લાવો; નહીંગભરાઓ (એ ટેક)

ચરચે ચંદન કોઈ વળી, ગોમયનો કરેલેપ,
પુજક નંદક સમ ગણે, નહીં દીલ કાંઈ કલેશ;

જગધર સુંદર મનહર સુરત તારી, અંતર વયરી છીનભીન કરતાં
દેતારી; માટે ભવી પુજો, નઈ દેવ જગ દુજો, મળી સ્નેહી પ્રભૂ ગુણ
ગાઓ. નહીં ભરમાઓ. અરેઓ. ૨

ક્રોધ લોભ ભય શોકને, જેને કીધાં દુર,
તે અરીહાજી ન વંદીએ ભવદવ જાએ સુળ.
ત્રષણાનીવારી વાર્યાં ઘાતી ચારે, સાથે કેઈ તાર્યા પ્રભુ વીર આપે,
હવે બાંહ્ય ઝાલો નાણ મુને આલો,
ફીર કીંકરને પ્રીતી દરશાવો. નહી. ૨.

પદ ૨૪ રાગ ભૈરવી.

(રૈનહીં નહીં નહીં હું ધીક્કાર એ રાગ,)

રે ભવી જાચો કુંથુજીન દયાલ (૨)
ધરી પ્યાર વદી વીધ વચન વીશાળ. ભવી જાચો. ટેક,
એક ભવમા દોય પદવીજે પાંમ્યા,
પદ ચક્રીમાં અરી બાહ્યને વીરામ્યા;
નિવાર્યા, ધીકાર્યા, મોહાદી, ભુપાલ. ભ. જા. ૧
અરી જે અનાદી દુવીધા ઉપાશી,
હતી મુળ શાખા તેને તેં વીનાશી;
શીવાશી ફીરાશી કરી જો નીયાલ. ભ. જા. ૨

પદ ૨૫ મું.

(મોહેનેકી લાગે સુરત તીહારી, એ રાગ.)

મોરે મનુભાવે મુરત તીહારી,
મોરા મન હીશે જુહારી જુહારી; મનુ. ટેક.
લોભ દશામન માયા નિવારી,
માન ઘટાપીન વારી નિવારી. મનુ. ૧
આપ સ્વરૂપમેં પાઈ રમણુતા;
પદ અભંગ સુહાઈ સુહાઈ. મનુ. ૨

પદ શીવયાચત મુખ મુખ શબકો,
ખોજે ન તોરી દુહાઈ દુહાઈ. મનુ. ૩
તુજ પદ આગમ ધારી લીયો જો,
બોકેનકર્મ કટારી કટારી. મનુ. ૪
ધર્મી બાહ્ય અભ્યંતર ધુર્તા,
તે તપ જપ ગયે હારી એ હારી. મનુ. ૫
ભુલ બડી પીન બાંનો તું હારો,
ફીર પદ હૈ અનહારી અનહારી. મનુ. ૬

પદ ૨૬ મું.

રાગ ઠુમરી ખમાયચી.

પ્રભૂ કયું તું ન બોલેરી. (૨)
અરજ ગરજ મોરી દીલહુ ન ધારી,
કેસે કરત ખુવારી કારી. કયુ તું ન બોલેરી. ટેક.
તુજ પ્રીતીમાં ચીત પેરોવ્યું,
અવર નેહ દુઃખ અલગું ખોયું;
જોયું મેં વીચારી, બારી અવર ન કાંઈ,
જાએ જીન મંદીર સુખદાઇ જુગ માંહીં;
નમું બાર બાર પ્રેભૂ તોરે ચરન,
તન ધન મેરો. ન બોલેરી. ૧
રમતાં ગમતાં દુઃખ સરવે શમ્યાં,
કહ્યા વિના ન ચાલે શાલે પ્રીતરીત ફીર અધરપેં આવે,
અવિનયશે વદત, ચિત રેહેમહોમુંશે,
તન ધન મેરો. ન બોલેરી. ૨.

પદ ૨૭ મું.

રાગ. (રંગીલી રશીલી છબીલી જે નાર ધન તેનો અવતાર.)

હેતેથી પ્રિતેથી નમું જુગદાધાર, પ્રીતી તો કાંઈ વિચાર. (ટેક.)
સુકાળે જે દાનમાન પાડ કિસ્યો તેમાં જાન,
દુ:કાળે ધન તે કરે જે ઉદ્ધાર. હીતે. ૧
કદિ ચીત એવું ધાર, વિસરી હું છોડું પ્યાર;
એમ ન વિચારો રહ્યા મન મોઝાર. હિ. પ્રિ. ૨
ચંદજ્યું ચકોર પ્રીતી મેહની મયુર પ્રતિ,
તરણી કમલ રીતી;
પ્રીતથી વસંત કરે કેલ, વૃક્ષો સંગ ગુણ ગાન તાન માન;
ક્યાર લાગ્યું એક ધ્યાન તેથી ભવધીતાર. હિ. પ્રિ. ૩

પદ ૨૮ મું.

(રાગ. જાવો જાવો ન શોતન ઘર પીયા કરખાર.)

આવો આવો કરો સ્તુતી મળીને સૌ શમાજ, (ટેક.)
હેમરજત મણી તખત દુરીત હર પર બેઠા મહારાજ. આ.
ઈંદ્ર ચંદ્ર પ્રભૂ આગે, નાચે સુરવૃંદ માગે, જાગે જોતગ્યાનકી,
કટે અરી અનાદીકે, ભમ્યો હું નાથ કર્મ શાથ લોભિ લાલચુ થઈ,
જળભળમાં મહીસ્થળમાં, તરૂ ફળમાં સ્થળ સ્થળમાં;
પડયો દુ:ખઝાજ પ્રીયા ધન કાજ, એથી જીનરાજ થતી
ગતી સુખવતી જગપતી હુંમાંહતી તુજરતી ક્યારપ્રતી જાણું
નકી હવે જતી, તા.........રોવારો આ અકાજ હેતાજ રાજ

જીન ત્રીભુવન કે છું શરણે તારે, હું જગબંધુ, અહો નિશવંદ, પાપ નીઃકંદુ, ભવી સુખ સીન્ધુઃ આવો કરો ?

પદ ૨૯ મું.

(રાગ આઈ ગુલશનમેં બ્હાર બ્હાર મેરે પ્યારે.)

ગાઓ મળીને શમાજ જીનંદચંદઆજે, બેઠા સોહે શું મહારાજ. જી. (ટેક.)
તત્વ વાણી અમી સમાણી, ભાંખે પ્રેભુભવીકાજ; જીનંદચંદ૦ ૧
દેહપતંગી છેનસુરંગી, ફુટયાઢોલનો જ્યુંગાજ; જીનંદચંદ. ૨
કાળ રચોકર વાળ ધરી શીર, કાગપરે જેમ બાજ; જીનંદચંદ૦ ૩
જગ ઉદાસી મેં નહીં આશી, દેખી દુની દગા બાજ; જીનંદચંદ૦ ૪
તું સુખાશી વાશી શીવનકે, ફીરમંગે શીવ રાજ; જીનંદચંદ૦ ૫

પદ ૩૦ મું.

(મહારાજ કુંવર એવો અહીં કોણ તમારો; એ રાગમાં ગવાતું)

માહારાજ તાજે રાજે મૌક્તીકહીરાજે,
ઓર દેવને ન છાજે શીર તુજ બીરાજે, નીલાડે, રવી રાજે,
અરી ભાગે; માહારાજ. (ટેક.)
છો ત્રીભૂવન જન વિશ્રામી, વળી કર્મ મેલ સૌ વામીં,
વર્યા અવીચળ સીવ પટરાણી, શક્ર દેવ દેવી વંદે આનંદ રંગથી;
અદાથી નખાકી ચાલાકી; મહારાજ. ૧
તીરથ યુગ જંગમ સ્થાવર, મુની જંગમ સ્થાવર ગીરીધર,
જ્યાંસ્થાપીત બીમ્બજીનેશ્વર, ત્યાં પ્રાણી ભવી આવે ઉમંગવૃંદથી,
અદાથી નખાકી ચાલાકી માહારાજ. ૨
રૈવત અરબુદ શીખરજી, તારીંગા શુ અષ્ટાપદજી,
છે અધીક વીમગીરી શત્રુથી, પુજી પાપ તાપ છંડો હસ્તી ગીરીન્દથી,
અદાથી નખાકી ચાલાકી; માહારાજ. ૩

પાંડવ પ્રધુમન ભર્તાદી, રામ રીખભ શેના નારદજી,
વર્યા શીવ વધુ ચંદ્ર શેખરજી, તેમ વંદો કીર સંગે ગીરી ઉમંગથી,
અદાથી નઆકી ચાલાકી; માહારાજ. ૪.

પદ ૩૧ મું.

(રાગ) (કાના કાનારે બંસીપે વારી કાનારે)

થોરા થોરારે જીવના જગ થોરારે ટેક.
તન મન ધનકી જુઠી શગાઈ,
સમજ સમજ મન મોરારે. થોરા. ૧
પાનીકા ડેરા પવનકા થંભા,
બીખરતાં લગે કેતી દેરારે. થોરા. ૨
માન ગુમાનમેં રહ્યા મતવાલા,
નિગોદે રહા કાં માન તોરારે. થોરા. ૩
પીપલ પતીયાં હીશકે છટતીયાં,
વૈશા જોબન ધન ભોરારે. થોરા. ૪
બંધી મુંઠી આયા પસારીશેં જાનાં,
કીર કરસે તું નિવેડારે. થોરા. ૫

પદ ૩૨ મું.

(રાગ ભેરવીની છાંયામાં.)

ધન બ્વારી પ્યારી નઈ તેરી હે સારી સરપેં પીર; (ટેક)
જોસ ભેર એ જાત જુમાના, અચળ બ્રહ્મકું કયા કુમલાના;
તન સંગ રંગ ભુલ કીયા સતમત કુલ, ગતમત રહી ન તુથીર; ધ. ૧
તેરી યારી નઈ સ્વારથકી, હેજલ પોઠા કચ્ચી મીટ્ટીકી;
ત્રીયા તન જર ઘર પ્રીય તન મત કર, નહીં તેરા કચ્છુ કીર; ધ. ૨

પદ ૩૩ મું. ઠુમરી પરજ.

(રાગ) (સખીરી કા કહું નમાનેરી.)

સુબોધી કયું તું નમાનેરી; (૨)
ચટક જોબન તેરા પલકે છૂટેગો,
ઝપટ નફ્ટ મદ ખલકે ખડેગો ગીર. કયું. ટેક.
વૃક્ષા ઘટા વાદલ જલ છાંયા,
ચલીત જોબન ધન તે શમાન. કયું. ૧
તરણી ઇન્દુ નહીં ડાભ રહે સ્થીર,
દેહની પતાકા ધન જેવી જાણ. કયું. ૨
રંગ ભ્રંગ શમ રાચી રહ્યા ફીર,
સુલભ સુગુણ નિજને પીછાન. કયું. ૩

પદ ૩૪ મું.

(રાગ) (યોવન ખીલ્યું આવ્યા છીં રસપાન કરો એ રાગની છાયામાં)

શોવન તખ્ત સુરરાજ પ્રેભુ માટ રચે (૨)
કીન્નરીઆગેનચે, વિંજેસુર ચામ્ર વચે,
નમી શીવરાજયચે, નરને નારી;
કાજવારી, શ્રેએધારી, જયઊચારી,
નેંજુહારી, નમે મુની સુર નર ગાંધ્રવ. શોવન. ટેક.
હરી અજ ગજ નહીં વયર જ્યાં, મયુર અરી ધરે પ્યાર;
મંજારી મુખકપરે. નહી નૃપરીપુ કીણુ ખાર;
બેઠા જીહાં દેવી દેવારે (૨) સારે નર ઈંદ્ર શેવારે (૨)
ભય નિવારી, શ્રેએધારી, જય ઉચારી, નેં જુહારી,
નમે મુની સુર નર ગાંધ્રવ. શોવ. ૧

શમોવ શરણ વીચરાજતા, ત્રીભોવન તીલક ભુભાણ,
ચઉદ રાજ વીચ સ્થાપતા, ભવી હીત વાક્ય સુજાણ;
તાર્યા કેઇ નરને નારીરે (૨) આવ્યા અમે આશ ધારીરે,
કરી લ્યો તારી, દાદધારી, દીક્ષ અમારી;
નમે મુની સુર નર ગાંધ્રવ. જય જય જય. ૨

પદ ૩૫ મુ.

(સુખ એક અવનીમાં સુંદરી) (૨)

વીરમુખ શમીપે સુર સુંદરી (૨)
નમેલળી ગુણભરી ધીરેફરી નેપુરનો સુર છણી, મૃદુ
મુખહાશકરી; મુખ (ટેક)
અંગોડી અધર ધર નયન વીચળ કરી, ઉમહી ઉરમાં ધુઆ
ધીરે કરમ, કરતી ક્ષીણ; વીર શમીપે સુર સુંદરી, ૧.
શીલવતી શતી અતી સુરમાં નીપુણ મતી, ભામની ભુમહીં મન
ભર માવતી, છેડી બીન; વીર શમીપે સુર સુંદરી. ૨.
મૃદુ હશી ધશી જાયે અલગ અલગ ખશી, રાચતી યાચતી શીવ
સુખ શરવ, કીરતે પણ; વીર શમીપે. ૩,

પદ ૩૬ મુ ધન્યાશ્રીમાં.

(રાગ મોહેએકતાઈ હરકી ધ્યાનમે પડી,)

તારી પ્રેભૂતાઈ કુમતીનેંનાં જડી, (૨) આગમ, વાણી, જાણી, ન પ્રમાણી,
દયા દયા કરી મુંઢ ફરે; તારી પ્રેભૂ. (ટેક)
પ્રભુ આણામાં ધરમ ધરમબીન પ્રાણી, કુવાણીથી કરમ કરે, પ્રભુ
મુખ વચન વચનથી લોપે, સુત પ્રાણી તે અધીખરે. તારી. ૧

જીન વચનો છે મરમ બીન જાણે, છે આણે કેમ ધરમ લહે,
જો તું વચન નયન કરી નીંચાં, મીંચી નયનથી કેમ ભમે. તારી. ૨
નિજમુખ વચન વચનને કારણ, સુત્ર ઉથાપી કથન કહે,
બહુ દુખ શહેશહે નરકાદી, સુમારગ કીર જોન લહે. તારી. ૩

પદ ૩૭ મું.

(રાગ કયું ઘર અપને નાવોરી.)

છે પ્રીય તારી મુરતી (૨) દુઃખહારીરે, સુખ ભરીરે, મનહરીરે. પ્રીય. ટેક
સુરવર વીરચીત શમોવશરણપર આપ બીરાજોરે;
અગર મહિષી આગે નાચે, રાચે બહુ ધરી પ્રેમ, પ્રેમમાં પુર બનેલી.
રંગમાં મચેલી, ભ્રંગ જ્યું ભમેલી, ફંદને વમેલી. દુઃખ. પ્રીય. ૧
સુંદર સુરપરે કુંવર કુંવરી નચે થેઈ થેઇ થતાકાર,
નાચત રાવણ રંભાસાથે, કરીનશાશમતાર, તારૂ તીરથંકર થાશે,
જુગમાં ગવાશે, નૃત્યને ઉલાશે, કીર સુખ થાશે. દુખ. પ્રીય. ૨

પદ ૩૮ મું.

(રાગ રૂમઝુમ છુમછુમ પગ દઈ પ્યારીરે ફરીએ)

સુભધુન વીરગુન ગાઇસું વારીરે ખુમારી;
જો ચીત્ત વીચારી હીત્ત, ભિતીને હરીએ, તો શદા સુંદરી શીવ
શોહાગન સ્નેહ થકી વરીએ. (ટેક)

તેં વીમળ કર્યા ગુણવાન દાનને દેઈ,
છો અભયદાન દાતાર ઓર નઈ કોઈ;
તેં વસ્ત્ર વિપ્રને દયાથીરે આપ્યું,
એમ ભાવ દાનમાં ઈંદ્ર ભુતીને ગણધર પદ સ્થાપ્યું. સુભધુન. ૧
વળી મૃઘા પુત્રને મેઘ ધન્નોને મુની અનાથી,

અઈમત્તા રીષીને નંદીક્ષેણું હુઆ શીવના શાથી,
વળી પ્રશન ચંદ્રને શીવ સુખરે આપ્યું,
દૈસારણુ ભદ્રજી આદે કેઇનું, ભ્રમણુ દુઃખ કાપ્યું. સુભધુન. ૨
હલવિહલ વેલ કુમાર આદે કેઈશંતા,
દેઈ ભાવદાન નિજ હાથ કર્યા ગુણવંતા,
તેમ અમોને પણ એ સીવસુખરે આપો,
કારમુંઢ સરીખા તારી કીર્તિનો સ્થંભ અધીક સ્થાપો. સુભધુન. ૩

પદ ૩૯ મું.

(રાગ પામ્યો પામ્યો પદમણી આવીરે જાણો તેની શફલ જીન્દગાની)

વારી વારી હાંહારે (૨) મુકટપર વારીરે જોઈ રહ્યા અરીમત હારી
મીથ્યામતી મનથી લજવાએ,
મદ અંધા મદથી વીરમાએ,
ધારી ધારી હાંહાંરે ધારીધારી આણ શીરતારીરે;
જોઈ રહ્યા અરીમત હારી. ૧
અપરાધી પણ તુજ પયપામી,
કેઈ થયા થાશે શીવગામી,
વામીવામી હાંહાંરે વામીવામી કરમ મળવામીરે;
જોઈ રહ્યા અમીમત હારી. ૨
ધરમતણો કાંઈ મરમન જાણું,
તુજ આણા પદ નીશ્ચે ધારૂં;
ખામી ખામી હાંહાંરે ખામીખામી ખચીત કીર ખામીરે,
પણ તારો અમુજ મુજધારી. વારીવારી. જોઈ.

પદ ૪૦ મું.

(રાગ સૈયાં તોરે પૈયાં લાગુ બઈયાં નામી રે; એ રાગમાં ગવાતું.)

દૈયાં ગયે છોરી ગીરનારી કેરો નેમ. (ટેક)
સગરી સુનત સખી કહત સુતાને, પસુવન દીન પોકાર સુનાઈ,
આઈ આપ જીઆં મ્હેર પ્રેમથી. . દૈયાંગયે. ૧
એતની સુનત રાયમઈ મુરછાઈ, કહતકીર પીયા કુનવચ છોરી.
દૈયાં કેશી વિધ મોરી આગતી. દૈયાંગયે. ૨
આલીરી સ્વજન બિન મન મુરઝાયે, વતન નિવારી ગીરીવરપર જાએ;
પાઈ દીદ પીયા રાજેમતી. દૈયાંગયે. ૩

પદ ૪૧ મું.

(જાઓજી જાઓ કીશ નાદાન કોશમ જાનેવાલે એ રાગ.)

આવોજી આવો સૌ મળી સાથરે જીનવંદન જઈએ,
પુજીને પાવન થઈએં, અવિચળ પદ લઈએં, રહીએં સદા સુખ આ-
નંદમાં જીન ધરીને હૈએ; આવોજી આવો. (ટેક)
કેશર ને ચંદન મૃગ મદ સાથે બરાશ ઘોળી,
પુજો પ્રભુને એક ચીતે ભરી કચોળી;
મળી બંધુની ટોળી, તોડો કર્મોને ખોળી, ભાવના ચીત ચોડી, ભાવો
માયાને છોડી, ધ્યાનજે ધરશે, થઈ મન હરખે, પાપથી ડરશે, શીવ
સુખ વરશે, સેજે કીરનાથ ભજીએ.. આવોજી આવો. ૧

પદ ૪૨ મુ.

(રાગ તેરો દીલ કુબજાશેં રાજી હમસેં અબોલણા માહારાજ)

મુની સુર મુરત તારી જોઈ મનની વ્યથા વીરામેરે. હેમનની. મુ-
નીસુર. (ટેક)

ભામંડળ પીઠ પ્રબળ રવીજ્યું, કીરીટ કુંડળ ભગુ ગુરૂસ્યું,
કડા બાજુને માળ, પ્રભુતન ચડયા ગુમાનેરે. મુનીસુર. ૧
સુરપુરે સુરવંસી સુરથી, કુસુમ વૃષ્ટી જળ થાય ધુરથી,
અતીશયને મહીમાય, અરીપણ ઉપાશી થાયેરે. મુનીસુર. ૨
પાંત્રીશ ગુણ યુત વાણી કરીનેં, ભાંખે પ્રભુ ભવી હીતધરીનેં,
ક્ષમા દયાને દાન, એ ધુર તત્વં જણાવેરે. મુનીસુર. ૩
અંતરથી અભવી નવ ફરશે, ધરી શાચ ભવી અંતર હરખે,
પ્રભુ મુખ નીરખીચંદ, કીરદીન યથાતે માનેરે. મુનીસુર. ૪

પદ ૪૩ મું.

(રાગ મોહેનેનમે તોરી છબબીશરી શહુની પ્યારી દરશનવે.)

મુને મેહેરકરી...શીવપુર નગર ડગરને દેખાઓ દીદદેઈ; મુને. (ટેક)
કુમતા શાહેલી શંગ રમ્યો રહી નીશદીન, કબહુ ધર્યો ન તુમ
ધ્યાન ધરી......... શીવ મુને. ૧
ગર્ભાવાશે દુઃખ દેખી અનંતો, ધરીશ ધ્યના જન દેહ ધરી....
શીવ. મુને. ૨
દેહ ધરી વય બાલ ખ્યાલમાં, તરૂણ રમણીસંગ ગાળી રમી....
શીવ. મુને. ૩
સ્થિળ થયું તન ચરણ થરકતાં; અંગોપાંગ રહ્યાં જ્યારેજરી....
શીવ. મુને. ૪
ચરણ સરણ છું નાથ તમારે, કરતો ઓળગ પોકાર કરી....
શીવ. મુને. ૫
ખામી ખચીત મુજ કોડ ગણેરી, નામ બીરૂદ રખો કીર પરી....
શીવ. મુને. ૬

પદ ૪૪ મું.

(મોરા દીલ લાગ્યો ઘર કન રે એ રાગ)

મોરો ધન દીન ધન ઘરીરે...દેખ્યો દરશ સરશ જીનજીકો;
સફળ સફળ પળભઈ સુહાની, તન તનમન થઈ લીન
થેઈતા થેઈતા દ્રીમ ત્રીમ ત્રીમ તનનન તોમતે તોમતે યચે નૃતક
કરીને બાળ જુહારી જુહારી. મોરોધનદીન. (ટેક)
કરણુ કુંડલ શીર મુકુટવીશાળ, ભુજ કડા જડાવ સુહાવે,
બાજુતો મોહાવે, તનપરજામો સુરંગનો હીરાપન્નાથી ભરપુર
ભારા, સુરવરનાથ નકી હાથ મોરચ્છલ પ્રેમેથી ધરી ચામર વીં-
જતા નિજ દુવીધા નિવારી; મોરો ધન દીન. ૧

પદ ૪૫ મું.

ખીલી વસંતની બહાર પ્રભુ દ્વારે, ખીલી વસંતની બહાર; (ટેક)
ગુણુ ગાન તાન માને લીન બીન, રંગીને બેરંગી ચંગે,
વેરીને કુસુમલતા શમ નમે નરનારી નરનારી; (ખીલી વસંત.) ૧
વસ્ત્ર ધરી સણુગાર સુંદરી, નૃતક કરે કીરમળી શઉકો. ખીલી. ૨

પદ ૪૬ મું.

(સુંદર હરી આલીરે ખીલી દીલ બરે નહીં રે. એ રાગ)

ચંદર શમ મુરતી તારી ચંદર પ્રભુ રે,
અરી આઠ દમ્યા જગપતી વ્રત ચઉથી ગમ્યારે,
છો ચઉત્રીશે પુરા...કીરતાર ચઉદના (૨) અરી. (ટેક) દીન મણી બેઠા
હીરામણી જડે તખ્ત આપરે, ચંદ્રને તારા સુરીનર ન્યારા, નાચ નચે
નમીરે, વળી નરનારી નૃપા...નમે કર્મોતેદમ્યા (૨). કીર સંગે બાળ
ગુણુની માળ નવ ભજે ભમ્યા. ચંદર શમ. ૧

પદ ૪૭ મું ખમ્માયચી ઠુમરી.

પ્રીય પતીકુ મીલન ગીર નાર ચલી,
શીત તાપ તરૂમે જેશી કુમલી કલી. પ્રી૦ ૫૦ ટેક.
બન બન ઢુંઢત કહું નહીં પાયે પીયા,
તન મન તડફ તડફ રઝલી. પ્રી૦ ૧
ગીરી તરૂ ગીન ગીન પારમેં પાઈ,
કોઈ રાહ પીયામેં જાઉં મલી. પ્રી૦ ૨
ભુજપે કરમુજે આપે દીયો નતો,
શીરપર કાવો મનમે રળી. પ્રી૦ ૩
અબહુ શીખર પર શાંમ મીલ્યો તબ,
શબ દુવીધા મોરી દુર ટલી. પ્રી૦ ૪
શમકીત રાહ સુગમ જબ પાઈ,
તબ શોકનકું જાઇ મીલી. પ્રી૦ ૫
નીજ નારી તારીશું શવાઇ,
શઠ કીરતારો ભલાઈ ભલી. પ્રી૦ ૬

પદ ૪૮ મું ભેરવીની ઠુમરી.

(અહો પીયા મોરા કબુ ઘર આવે એ રાગ).

તુંહીં સુખ સીન્ધુ શદાહીત દાતા. (ટેક.)
ધરાવો નામ વલભ, દીદાર કેમ દુલભ,
સુલભ છો જગ ધ્યાતા ધ્યાતા ધ્યાતા. તુંહીં. ૧
કરમ ભરમ રોગને નિવારે મર્મ શોગને,
અન્યનતે સુખ શાતા. (૩). તુંહીં. ૨
અપર દોશ જ્યું દેખાવે, આપ ગુણી અધીક થાવે,

સંતુ દમે દધી જાતાં. (૩). તુલી. ૩
ભમ અધ વાદી, ભેદી અનાદી,
સમ્યક દે તું તાતા. (૩) તુલી. ૪
કાલ અનાદી ભમતાં આવ્યો,
કીર સંભવ જીન સરણુ મેં પાયો;
તું ગુરૂ દેવ વીધાતા વીધાતા વીધાતા, તુલી ૫

પદ ૪૯ મું.

(ગારા ગોરાકે નારંગી રંગ ગોરારે એ રાગ).

ચંગા ચંગારે મુખ વીરજી તોરા ચંગારે. (ટેક.)
પન્ના કાહે અંગા, શરપેં હીરેં કાકલંગા,
જેસા શોહે શર્દ ચંદારે. ચંગા. ૧
હરીહર કંગા જુગમે હે ફંદા, તુંહી શભ કાહે સંગારે; ચંગા. ૨
ઔર દેવલારે વામા, તેને એ મીટાયા ભામા, કામા સંગ ભંગારે: ૩
કરણુ કુંડલ ભુજ, બાજુ કડાયુગ, કંઠા પંચ રંગારે. ચંગા. ૪
જીવહા સહસ્રસેં જોગાવે, ગુણે પાર તોરા નાવે, ગાવે કીર બંદારે. ૫

પદ ૫૦ મું.

(રાગ ખરી વાત કરછ પ્રાચ રમણીરે તારા ભાલો મારા મનમાં રે.)

કીધી પાવન પગથી ધરણીરે, જેતું અંગ છે રંગ શો વનમાંરે.
જેતું અંગ છે રંગ શોવનમાં, ભુવનમાં, ત્રણે નીરખતાં ક્યાંઈ ન
મળે, તમ શમો ઔર ગુરૂ દેવ. કીધી પાવન. (ટેક.)
ઢળે છત્ર શીર ચામ્ર લતાંઓ, નમે અધીકતા ધરી, કનક કમલ

ધન ચરણુ ફરસતાં, દેહ પ્રભુની શીર ધરી, મન ભરી ભરી સુણતાં, ધન ધન જીન મુખ વચન વચન. કીધી પાવન. ૧

પદ પર મું.

(ગાઓ ગાઓ ને શાહેલી હું ગવરાવું તેમ ગાઓ એ રાગ)

આવો આવોને સર્વ મળી જીન ગુણ ગાઓ; આવો આવોને. ટેક.
કેશર કસુંબી રંગ અબીલ ગુલાલ ચંગ, અંતર માંહી ઉમંગ, ધરી અતીશે પ્યાર થાય બહુ બહાર મંદીર દ્વાર માંહી, આવીને છંદ છંદ મધુર સુર ચંગ, ગાવે આનંદ કંદ પાવેન ફીરભવ જાવો; આવો આવો. ૧
મળ્યું સુભ સંચીત, પુર્ણ ઉદય પુન્ય, મતી કરો મતી સુન્ય, થઇને બહુ ઉજમાલ ચંદન લાલ નંદન નાભી નાનાને, પ્યારથી પુજો દુજો દીલ ન ધારો વારો, હર અપર ન્યારો નકી નકારો વારો વારો; આવો આવો. ૨
કુસુમ સુગંધી ફુળ, અમુલ્ય અક્ષત ધરી, કુમતાને કાઢી પરી, ભરી કળશમાં ખીરને, નવરાવી ઉપર નીરથીને, કેશર ધુપ દીપ ધરી નૈવેદ છેદ “ કીર ” કરમ ભેદ હાહો. આવો. ૩

પદ પર મું.

(શાદી કે ચમનમે ફુલ ખીલે (૩) એ રાગ.)

મંગળ કરો મળીને સભ્યતા ધરી, સભ્યતા ધરી, સભ્યતા ધરીરે,
શીતળ વિમળ મનને, સઘ આદરી, સઘ આદરી, સઘ આદરીરે. (ટેક.)
વીલંબ હરીને ઉમંગ ધરીને, મનકાય, વચનકાય, એકતા કરી,

ધુર અરીહા મંગલ, (૨) દીજા સિદ્ધ,
આચરીય બુદ્ધ, ઉવઝાય સિદ્ધ. પંચમા મુણી. મંગળ.

પદ ૫૩ મું ભૈરવી.

(ભાઈ રે હોશ ક્ષમા કર મારો એ રાગ.)

નમીજીરે નેક દયા કર દાઈ, દયા કર દાઈ. (એટેક.)
કરમ ભરમ મળ કીચ અનાદી, મોહ મહીપતી શૈન વિખાદી,
વારણ દાન દેશાંઈરે; નેક. ૧.
લેઇ દીક્ષા પ્રભૂ જન મન રંજે, કેવળ પામી ઘાતી નિકંદે,
જોતસે જોત મીલાઇરે. નેક. ૨.
વીપ્રાનંદન શીવ સુખદાતા, વિજઈ વીજય નરવર તમ તાતા,
ધ્યાતા " કીર " એકતાઇરે. નેક. ૩.

પદ ૫૪ મું ભૈરવી.

(કહાં મેરી માદર જાતી કહાં એ રાગ.)

કહો પીયા નેમ સખીક્યાં કહો. એ ટેક.
લોક લજાથી પ્રીતમ લાજું, વીરહ અનળથી ક્ષીણ ક્ષીણ દાઝું,
ગાજું હું કુણપર સ્યામ કહો; કહો પીયાનેમ. ૧.
જાન તીલક જાદવની જોઇ, સુધબુધ જીવન જોતાં ખોઈ,
દોઈ નયન તરશાઈ રહ્યો; રહ્યો પીયાનેમ. ૨.
હીક ભરી શખી એક કહે મુજ. નેમ ગયા ગીરનાર તજી તુજ,
બુજબની કહું એમ નહો; નહો પીયાનેમ. ૩.
રામ કેશવ મા તાય સસુરની, છોડી મૃજાદ હું લાર પ્રીતમની,

જાણી જીહાં અણુગાર ભયો; ભયો   પ્રીયાનેમ. ૪.
આઠ ભવાંતર પ્રીતસરાગી, છોડું ન આ ભવ હું પણ લાગી,
લાગી પ્રીત " કીર " ભુજ ગ્રહો; ગ્રહો   પીયાનેમ. ૫.

પદ ૫૫ મું શ્રી પાર્શ્વનાથ મહારાજની લાવણી.

(સુમતી જીન સ્વામી, તમેછો અંતરજામી એ રાગ.)

શ્રી પાર્શ્વ જીનેશ્વર દેવ, કરુ હું શેવ, નીરંતર તારી,
શુણો દીનાનાથ આધાર વીનતી મારી. ૧.
હું ભમ્યો કાળ અનંત, મોહમાં અંધ, તત્વ નવી જાણ્યો,
સદ્‌ગુરૂ તણો ઉપદેશ હ્રદય નવી આણ્યો. ૨.
જૈન આણા જે સુખકાર, નહીં લગાર, દીલમાં ધારી,
સુણો દીનાનાથ આધાર વીનતી મારી. ૩.
પરજીવને પીડા દીધ, અસત્ય મુખ કીધું, અદત્ત દ્રવ્ય લીધું,
મૈથુન સેવી પરનાર પાપ બહુ કીધું;
પર રમણી કેરૂં રૂપ, દેખી ભવ કુપ, પડ્યો હું પાપી,
પરધન લેવાને કાજ ઉંધી મતી આપી;
એમ અઘોર કર્મ હું દુષ્ટ, કરી બહુ પુષ્ટ, થયો મુજ ધારી; સુણો.૪.
ક્રોધાદીક જોધાચ્યાર, લેઈ પરીવાર, કસાયા લશ્કર,
લાગ્યા છે મારી કેડે સાજમુજ કરરે,
ચ્યારે ગતી ભમીયો સ્યામ, નહીં કોઈ ઠામ, મુક્ત કરનારો,
પણ કાંઈક પુન્ય પસાય દર્શ લહ્યો તારો, થર થર કંપ્યા સહુ એહ,
વૈરી મુજ જેહ, સરણ તુજ ભારી. સુણો દીના. ૫.
જગમાં છે દેવો બહુ, કર્મવશ શહુ દોષ અઢારે,

ભજે માળા માહા વીક્રાળ હાથ હથીઆરે;
કૈઇ નાટીકના એ રંગ, નારીને સંગ, કરે માંશ ભક્ષણ,
પર જાચન કરતા તેહ કરે શું રક્ષણ.
માટે પ્રભુ પાસ જીણંદ, તુજ મુજ રંગ, મજીઠશમ ધારી, સુણો ૬.
જોઈ ભાવનગર મન મેહેર, આદીશ્વર દેરે, મેડી પર તારી,
બીંબ નીરખી હરખી ખુબ નયણા ભારી,
નીધી વીન નીધી શશી, પોસ સુદી દસી, સુભ ગુરૂવારે,
કરે પુજા ધરી બહુ ભાવ અષ્ટ પ્રકારે,
તો વેગે વરે આવાર, મંડળી સીવનાર, અક્ષય સુખકારી;
સુણો દીનાનાથ. ૭. સમાપ્ત.

પદ ૫૬ મું.

(ગીરધારીરે એ રાગ.)

રીખવજીરે અરજ કરૂં તે સ્વીકારો, ખરો આશરો છે પ્રભુ તારો;
રીખવજીરે શીવપુર મારગ સારો, ખરો આશરો છે પ્રભૂ તારો. ટેક.
મને આ ભવમાંથી ઉગારોરે, હવે નથી બીજો કાંઈ આરો રે,
ગુણવંતારે પુન્યના કમાડ ઉઘાડો. ખરો. ૧
પ્રભૂ તું છે મુજ મન વ્હાલોરે, મારી વીનતડી સ્વીકારો રે,
ગુણવંતારે ગુણ ગાઊં છું તમારો. ખરો ૨
મારાં કષ્ટ તમે નીવારોરે, સુબોધક મંડળી તારોરે,
સુખદાતા રે જૈન ધરમ છે સારો; ખરો આશરો છે પ્રભુ તારો. ૩

પદ ૫૭ મું.

(શ્રી રામ કીતની શઝાય.)

પ્રભુ સાથે જો પ્રીત વંછો તો નારી સંગ નીવારોરે,
કપટ નીપટને કામણગારી,
નિશ્ચે નરક દુવારોરે; એહની ગત એ જાણું.
રાજ રૂપિ કોઈ સંદેહ આણો રે, એહની. ૧
અબળા એવું નામ ધરાવે, પણ સબળાને સમજાવેરે,
હરીહર બ્રહ્મ પુરંદર દેવા, તે પણ દાસ કહાવેરે; એહની. ૨
પગલે પગલે નામ પલટાવે શ્વાસ ઉશાશે જુદી રે,
ગરજ પડે ત્યારે ઘેલી થાયેકામશરે જાય કુદીરે; એહની. ૩
જથા ચીરી માંશ ખવાડે તો એ ન થાયે તેહની રે.
મુખનીરે મીઠી દીલનીરે જુઠી કામની ન થાયે કેહનીરે, એહની. ૪
કરણી એહની કહી ન જાયે, કામની તણી ગતી ન્યારીરે,
ગાયું એહનું જે નર ગાશે, તેહની શીવ ગતી વારીરે; એહની. ૫
જો લાગી તો સર્વે લુંટે, રૂડી રાક્ષસ તોલે રે
એમ જાણીને અલગા રેહેજો, ઉદયરત્ન એમ બોલે રે એહની. ૬

પદ ૫૮ મું.

(રાગ ઝુક ઝુક પડેરે પાય કચ્છુ ભારી.)

નીત નીત નેમી નમું બ્રહ્મચારી, ધરી ધ્યાન, લહ્યું ધામ,
શીવ ઠામ, ઠામ ઠામ ઠામ રતી તારીરે. નીત. ૧
બેસી ત્રીગડે ઉચર્યા, તે તત્વવાક્ય મન ધર્યાં, તે ભવદવ વિખથી તર્યા,
ઉધર્યા પ્રાણી કેઈ વીખમ બોલ વિખવારી. નીત. ૨

રાજુલ નારીનાં વરી, પરહરી સીરૅ કર ધરી, તારી પ્રીતી મન ધરી,
ધન ખરી નીરાગી પ્રીત ફીર લ્યો તારી. નીત. ૩

પદ ૫૯ (રાશ)

(રાગ અવાં આસો પાલવનાં ઝાડ કદમ કેરી છાંયારે.)

આવો આવો ધરી શણગાર મળી પ્રૅભુ દ્વારેરે,
ધરી પ્યાર પરસ્પર સુર શ્રેણું એક થાઓરે,

કાલ અનાદી ભટકતાં આ પામ્યા નર અવતાર,
વખત વહ્યો ફરી નહીં મળે પુજો જુગદાધાર.

કેશરને ચંદન ઘ્રાશેરેકે, ફુલપગર કર પર ધારી,
પુજી જગ નાયક આવોરેકે, મંડપમાં મમતા વારી;
કરો સ્વસ્તિક હાંહાંરે (૨) દંશણને નાણ ચરણગુણ ચીતધરો,
શીદ્ધ શીલારે હાંહાંરે (૨) શીધ શીલાનો કરી આકાર,
અક્ષતથી એજ વરો શી...ધી...રી...ધી...બુ...ધી; આવો. ૧

ત્રીજી નીશહી કહી નીષેધી સઘળું કાજ,
વંદન ચૈત તણું કરો થઈ અરી કર્મના બાજ.

સુધભાવ સુભાવિત વરતાંરેકે, શીવપુર પંથ સજન મળસું,
જીન આગમ પણ એમ બોલેરેકે, ભાવ વિના ભક્તિ નરસું.
ભવ હરણ હાંહાંરે (૨) ભવ હરણ શરણ એક ભાવનાવ ભવાબ્ધી વિષે,
નહીં અવર હાંહાંરે (૨) નહીં અવર તારક વિના એહ કરમનો છેહ તિષે.
શી... ધી... રી... ધી... બુ... ધી... આવો. ૨

કેઈનર સીધી વધુ વર્યા પામીને પ્રભુ તમ ભાવ,
લઘુતાલોહ કુન્દનશમા કર ચીંતામણ પાસ.

હું ભવ ભય ભમતાં આવ્યોરે કે, પડતો ખડતો તમ પાયે,
હીન ભાગે ભાવન પામ્યોરે કે, હતા મહીપર જગ રાયે,
નહીં પુરણ હાંહાંરે (૨) નહીં પુરણ પુન્યનો લેપ રેખ રહી અમમાં,
પામ્યો દરશ હાંહાંરે (૨) પામ્યો દરશ શરશ કીરઆજ, પ્રીત હતી તમમાં;
શી... ધી... રી... ધી... બુ... ધી... આવો આવો. ૩

પદ ૬૦ મું.

(હીલ મીલ રૂમ ઝુમ એ રાગ.)

મ્હાર સુંદીર દ્વાર દ્વાર ખીલીશી આ મ્હાર; (ટેક)
કિન્નર કિન્નરી નરનાર હળી મળી, (૨)
લીયે એક તાન કરી ગીત ગ્યાન,
સ્થીર ચીત ને પ્યાર ચીતધરી. મ્હાર૦ ૧
લ્હેકતી મ્હેકતી કટી લચવાતી, ઊદર દામનીતે ચમકાવતી.
ઊરભારી ગાજતી છાજતી રાજતી,
તાનથી તાન સુ ધ્યાન લગાવતી,
ભરી સુર શુન ધુન ચીત નીત રંગી,
વદે કીર જીન ગુણ પ્રેમ આણંદી. મ્હાર૦ ૨

પદ ૬૧ મું.

(થયા છો રે પતિ તેજ પ્યારી તનના ઊર હસી વરી આજે. એ રાગ.)

પ્રભુછોરે પતી સતી રાજે મતીના જીવન સ્વજન આધાર (ટેક.)
અંજન સુરત રંજન જનને, ભંજન કરમ કષાય. તુજ સેવા,
દ્રયદેવા, સીવ લેવા, છે ઊભય દ્રવ્યને ભાવ જોગ એ,
આગમને અનુસાર. પ્રભુછો રે. ૧

દ્રવ્ય વીલેપન કુસુમ આદી, ફળી મુકો ફળકાજ, શીવરાજ, ધરો તાજ, ભવ ઝાંજ, ખરે ગુરૂ મુખ શ્રુણુતાં આગમ એ છે ભાવ થકી ભવપાર. પ્રભુછો રે. ૨

ભાવ વિના કરે દ્રવ્ય દેખાવા, સાકર લેપ્યો તેગ, છારેલેપ, નીરે છેક, અરે ભેક, ભુલ્યું નાવ સ્વયંભુ ફરે, ભવીહીન ભાવ ફરે ગતી ચાર. પ્રભુછો રે. ૩

પદ ૬૨ મું.

રાગ ઠુમરી.

(ગીરનારીકી પહાડીપર કૈસે ગુજરી, ગિર૦ એ દેશી.)

શુદ્ધ વૈયાવચ્ચ કરે જિનપદ વરરી. શુદ્ધ૦ એ આંકણી. તીર્થંકર ૧, કેવળી ૨, મનપર્યવ ૩, અવધિ ચતુર્દશ પુવ્વ ધરીરી ૫ ॥ શુદ્ધ૦ ૧ ॥ દસપુર્વી ૬. ઉત્કૃષ્ટ ચરણધર, લબધિવંત એ જિન સગરી ॥ શુદ્ધ૦ ૨ ॥ જિન મંદિર જિનચૈત્ય કરાવે, પૂજા કરે મન તનુ સુધરી ॥ શુદ્ધ૦ ૩ ॥ દસમે અંગે જિનવર ભાખે, કુમતિ કુસંગ સબ દુર ભગરી ॥ શુદ્ધ૦ ૪ ॥ નવપદ શેષ સુરિશ્વર આદિ, વૈયાવૃત્ય કર ઉઠ જગરી ॥ શુદ્ધ૦ ૫ ॥ સતપંચ મુનીની વૈયાવચ્ચ કરીને, ભરત બાહુબળ શિવ મગરી ॥ શુદ્ધ૦૬ ॥ નૃપ જીમૂતકેતુ પદ સાધી, આતમ જિન પદ રસ ગગરી ॥શુદ્ધ૦૭॥

પદ ૬૩ મું.

ઇંગ્રેજી વાજાની ચાલ.

મુનિંદ ચંદ ઇશ મેરે, તાર તાર તાર; જ્ઞાનકે તરંગ ભંગ સાત જાસકાર ॥ મુનિં० ૧ ॥ સંતકે મહંત મુનિ, સાધુ રિષિધાર; યતિ વ્રત્તિ સંજમીહે, જગતુકા આધાર ॥ મુનિં० ૨ ॥ નવ વિધ ભાવ લોચ, કેસ દશકાર; અનંગ રંગ ભંગ સંગ, સુમતિ ચંગ નાર ॥ મુનિં० ૩ ॥ સમચાળી દોષ ટાળી, લેત હે અહાર સાતવીશ ગુણધાર, આતમા ઉજાર ॥ મુનિં० ૪ ॥ પંચહી પ્રમાદકે, કલ્લોલ લોલ ભાર; સંસારનીર નિધિ પોત, જ્યોત જ્ઞાન સાર ॥ મુનિં० ૫ ॥ પાર કરે સંત અંત, કર્મકા નિહાર; બ્રહ્મચર્ય ધાર વાડ, નવ રંગ લાર ॥ મુનિં० ૬ ॥ વીરભદ્ર સાધુ શેવ, જિનપદ સાર; આતમ ઉમંગ રંગ, કુગુરૂ સંગ છાર ॥ મુનિં० ૭ ॥ ઇતિ

પદ ૬૪ મું.

(ભવીનંદો જીનંદજસ વરણીને યહચાલ)

ભવિવંદો જીનંદમત કરણીને. ભ० અંચલી० ઇમ નવપદ મંડલ ગુણ વરણી ચ્યાર ન્યાસ દુઃખ હરણીને. ભ० ૧ સમ્યક્ સાત નયેં સબ જાણી આદરો કુમતિ વિહરણીને. ભ० ૨ શ્રી તપગચ્છ નભોમણિ વરમુનિપતિ વિજયસિંહસૂરિ ચરણીને. ભ० ૩ સત્ય કપૂર ક્ષમા જીન ઉત્તમ પદ્મરૂપ અઘટ રણીને. ભ० ૪ કીર્ત્તિ વિજય કસ્તુર સુગંધી મણિ તિમિર જગ હરણીને. ભ० ૫ શ્રી ગુરુબુદ્ધિવિજય મહારાજા વિજયાનંદ જિન સરણીને. ભ० ૬ જી-

રાગામ તિહાં સંઘ જયંકર સુખ સંપત ઉદય કરણીને. ભ૦ ૭ તિનકે કથનસે રચના કીની સુગમ રીત અઘ હરણીને. ભ૦ ૮ વસુયુગ અંક ઇંદુ શુભવર્ષે પટ્ટી નગર સુખ ધરણીને. ભ૦ ૯ રહી ચૌમાસા યેહ ગુણ ગાયા આતમ શિવવધુ પરણીને. ભ૦ ૧૦

પદ ૬૫ મું.

(માહાવીર તોરેસમો વરણુકીરે એ રાગ)

જીનંદા તોરે ચરણ કમલકીરે, હું ચાહું સેવા પ્યારી, તો નાસે કર્મ કઠોરી, ભવભ્રાંતિ મિટ ગઇ સારી. અંચલી૦ વિમલગિરિ રાજેરે, મહિમા અતિ ગાજેરે, વાજે જગ ડંકા તેરા, તું સચ્ચા સાહિબ મેરા, હું બાલક ચેરા તેરા. જી૦ ૧ કરૂણાકર સ્વામીરે, તું અંતરજામીરે, નામી જગ પૂનમચંદા, તું અજર અમરસુખકંદા, તું નાભિરાય કુલ નંદા. જી૦ ૨ ઇણગિરિ સિદ્ધારે, મુનિ અનંત પ્રસિદ્ધારે, પ્રભુ પુંડરિક ગણધારી, પુંડરગિરિનામ ક્હારી, એ સહુ મહિમા હૈ થારી. જિ૦ ૩ તારક જગદીઠારે, પાપ પંક સહુ નીઠારે, ઇહિમો મનમેં ભારી, મેં કીની સેવા થારી. હું માસ રહ્યો શુભ ચારી. જી૦ ૪ અબ મોયે તારોરે, વિરૂદ્ધ તિહારોરે, તીર્થ જીનવર દો ભેટી, મેં જન્મજરા દુઃખ મેટી, હું પાયો ગુણની પેટી. જી૦ ૫: દ્રાવડવારી ખિલ્લારે, દશકોડી મુનિ મિલારે, હુએ મુક્તિ રમણી ભરતારા, કાર્તિક પૂનમદિન સારા, જીનશાસન જગ જયકારા. જી૦ ૬: સંવત શિખિ ચારારે, નિધિ ઇંદુ ઉદારારે, આતમકો આનંદકારી, જીન દરશનકી બલિહારી, પામ્યો ભવજલ ધિપારી. જી૦ ૭:

ધવળી પૈદ ૬૬ મું.

(રાગ સાંભળરે તું સજની મોરી રજની ક્યાં રમી આવી જીરે.)

રીખભજીને સર ચરણુ નમીંને શરણુ સુધારસ માગીજીરે,
આદીકરણુ જગવાદી નીવારણું ધ્યાન ઘટા મુજ લાગીરે.
વંદન જઇએં જીરે.
વ્યાધી તજી વીખવાદ જીન ગુણ ગઇએંજીરે.
ભવીજન તારણુ તેં જગ સીન્ધુ દુવીધ ધરમ ઉપદેસ્યોજીરે,
ભાવ ગએ ભાવઠ પ્રભુ મોટી કેમ શમે એંદેશોરે. વંદન જઇએંજીરે.
પણુ મન શાંન્તી ભાંગવા ભ્રાંતી તમ શીશ અમ શીર સ્વામીજીરે,
કલ્પતરૂ નીજ શાખ સુધર્મા તશ ફળ મુની વીશ્રામીરે. વંદન. ૨
બાવીશ શહે બેતાળીશ ટાળે ગુરૂની તેત્રીશ ત્યાગેજીરે,
ચોરાશી ચઉ દુર કરીનેં પંચે ભાવઠ ભાંગેરે. વંદન જઇએંજીરે. ૩
આઠ નીવારી નવને ધારી અઠદશ સુધ્યે જુહારીજીરે,
૭ ચૈતેરને અલગ ઊવારી મોહદશા ધુર વારીરે. વંદન. ૪
અઢારને ચોરાશી વારી ત્રપણાને પરીહારીજીરે,
પંચાનનપરેં કરમ અરીને દમતા તત્વ વીચારીરે. વંદન. ૫
ગુરૂ આવ્યા ગુણવંતા બેની સુધા સંજમ ધારીજીરે,
હીત ઉપદેશ દીયે ગુરૂ ગ્યાની લલીતામૃત રશ ધારીરે. વંદન. ૬
દુર્લભ દરીશન પુન્ય ઉદયથી ગુરૂ મન ગમતા પામ્યાજીરે,
ચતુર ચૌમાસું કરૂણા કરીને રેજો સઇશું આણારે. વંદન. ૭
નીજ સત્તા દ્રઢ ચીત કરીને વ્રત પચખાણ કરીસુંજીરે,
ઉદય ધરમનો થાસ્યે અધીકો ગુણુવંત ગુણુથી ગમસ્યુંયે. વંદન. ૮

વીરહ વચન આગમનો હતો તે. સેહેજે અલગો થાશેજીરે,
દા લાગ્યાથી જે ઉધરશે ગુણ ગીરવા ફીર ગાશેરે. વંદન. ૯

ધવળી પદ ૬૭ મું.

એની ગુણીયલ ગુણશીલ ચૈત કે વીર પ્રભુ આવીયારે લોલ,
એની સુધજતી સાથે ચઉદ શહસને લાવીયારે લોલ;
એની સુરનર કોડા કોડીકે આવી તીહાં મળેરે લોલ,
એની સમોવ શરણ મનોહાર કે વીર ચીતે લળેરે લોલ. ૧
એની ચઉદીશ જોજન એકકે સુરમહી શોધતારે લોલ,
એની સુરનર સારી સેવકે સમકીત રોપતારે લોલ,
એની ચઉમુખ ચોસઠ ઇંદ્રકે આરતી ઉચરેરે લોલ,
એની હરીમુખ હુકમ વિરાજીત સુર વીઘ્નો હરેરે લોલ. ૨
એની ત્રણગઢ ઝાકળ ઝમાળકે ઇંદ્રાણી નચેરે લોલ,
એની તરવા ભવોદધી તેહકે નમતી એલચેરે લોલ;
એની વીધ વીધ દુંદુભી નાદકે ગાજે અતી ઘણોરે લોલ,
એની ફહે પડતા સુર ફુલકે ધનદીન આપણોરે લોલ. ૩
એની વનપાલક ભુપાલ શ્રેણીકને વીનવેરે લોલ,
એની આવ્યા શ્રીવૃધ માનકે પુન્ય ઉદે ઘણુરે લોલ;
પામે લખ ટકો લખ ગુણમાન વધામણીઓ તીહાંરે લોલ,
એની હરખીત આવે રાયકે ચેલણા છે જીહાંરે લોલ. ૪
સુભમતી સજ થાઓ આવ્યા વીરકે વંદન જાઇસુંરે લોલ,
સુભમતી પ્રભુ મુખ નીરખી ચંદકે પાવન થાઈ શુંરે લોલ;
એની હરખીત ચેલણા નારકે સજ થઈ સાથસુંરે લોલ,
એની ઉમલ્યો આવે ભુપકે બઉ પરીવારસુંરે લોલ. ૫

એની વંદી ત્રીભોવન ભાણ હવે નીજ આશનેરે લોલ,
એની બાર ખદા માંહ્ય દીયે પ્રભુ દેશનારે લોલ,
એની પર્વ પજુશણ સારકે વરણવે વીધસ્યુંરે લોલ,
એની સાંભળી શ્રેણીકરાયકે શદહે હેજ સ્યુંરે લોલ. ૬
એની અમરપડો વજડાવી અઠાઈ મોહોછવ કરેરે લોલ,
એની દેવપુજન બહુ વીધકે નિતરંગ નવ નવેરે લોલ;
એની કુંવર કુંવરી નવ રંગ ઉચીત અંબર ધરેરે લોલ,
એની હય ગય રથ સુખપાલકે સજે આડંબરેરે લોલ. ૭
એની વીજયધુની બહુ થાયકે સુર અનુમોદતારે લોલ,
એની ધરતા તપ જપ ધ્યાન અવરને બોધતારે લોલ;
એની થઈ કયારે નરદેહકે કરસ્યું એ ક્રીયારે લોલ,
એની એણીવીધ ધનધન દેવકે બોલે સુર પ્રીયારે લોલ. ૮
એની ચૌટે ચોક બજારકે વરઘોડો ફરેરે લોલ;
એની આવી જીનવર ગેહકે ગુરૂવાસે મળેરે લોલ;
એની ઉતરી ત્યાં પરીવાર પરવ ગુણ સાંભળેરે લોલ,
એની સાંભળી નીજ નીજ શકતેકે વ્રત નીમ આદરેરે લોલ. ૯
એની જીવદયા દીન આઠકે શ્રાવક શોચતારે લોલ,
એની દેશકાળ અનુમાનકે જે જન લોચતારે લોલ;
એની તે લેશે ભવપારકે આપણે સહુ મળીરે લોલ,
એની તે દીન તપ જપ ધ્યાનકે કરતાં સુખ લહીરે લોલ. ૧૦
એની એ દીન પરબ પજુશણ આવ્યાં ઢુકડાંરે લોલ,
એની કીર મન હરખ ન માયકે કાંઈ કરીસું ખરારે લોલ; ૧૦॥

પદ ૬૮ મું.

જોઈ આનેં મુર્તી તારી સુધારશમા રશબશમાંહી. (ટેક)
ત્યાગીથી ગવાય રંગ રમાસ્યું અધીક ધાય;
વર્યો તેં વીલાશ આશ વધુ શીવ તણી આશ,
તનથી...મનથી...દીધનથી. જોઈ આનેં ૧
નીવારી ભોગશોગનેં જુહારી ત્યાગી જોગનેં,
વીહારી ક્રોધ લોભને તરીને તાર્યાં લોકને,
ફીરને...કરથી...ઉધરજે. જોઈ આનેં ૨

પદ ૬૯ મું.

આજ પ્રભુ દરશન તોરો પાયો,
ઈતનોહી સફળ કહાયો. આજ. ૧
નર્કની ગોદે વિના તુમ દરિશન,
કાળ અનંત ગમાયો. આજ. ૨
વીગલ ત્રીયંચ નર જાતી અનારજ,
થાવર દુઃખથીન પાયો. આજ. ૩
મીથ્યા દરપન વિસય કસાએ,
આરજ કામન આયો. આજ. ૪
તન ધન રમણિ રાગીજી આયશ,
પાર ફરસન પાયો. આજ. ૫
ગત ધર્મી તેણે નામ હમારે,
ગ ગો આદી લગાયો. આજ. ૬

અગાઉથી ગ્રાહક થનાર મેહેરબાનોનાં મુબારક નામ.

ધ્રાંગધ્રા.

૧૦ શ્રી સંભવનાથજીના દેરાશરજીની
જૈન જ્ઞાનોદય મંડળી તરફથી
૩ શા ન્યાલચંદ વિ કસ્તુર દાસ
૫ શા વખતચંદ કશળચંદ
૨ કપાશી જગજીવન ખખલ
૧ શા ડામર ખોડીદાસ
૧ શા અમુલખ બેહેચરદાસ
૧ શા વનમાળી વિ સુરચંદ
૧ પારી નરશી વિ વખતચંદ
૧ પારેખ લાલચંદ કચરા
૧ શા સુખલાલ વિ મોનજી
૧ શા અમૃતલાલ વિ કેશવલાલ
૧ શા હાથી હેમચંદ
૧ શા તારાચંદ વિ ડામર
૧ સંઘવી અમૃતલાલ વિ કાનજી
૧ વોરા સુરચંદ ખોડીદાસ
૧ શા મણીલાલ વિ લલુ
૧ શા નાથાલાલ કાકાશી
૧ શા પરશોતમ ડામરદાસ
૧ શા તારાચંદ વિ મોહનલાલ દફતરી
૧ શા દલસુખ વિ પ્રાગજી
૧ વોરા દેવશી વિ જેમલ
૧ સંઘવી વ્રજલાલ અખજી
૧ પારેખ મોહન કુવરજી
૧ શા હરજીવન પોપટલાલ, દફતરી
૧ શા દેવશી વિ ભુદરદાસ
૧ શા શાંકળચંદ વિ સુરચંદ, દફતરી
૧ શા ગુલાબચંદ વિ સુરચંદ, ॥
૨ શા સુરચંદ વિ ધનજી
૧ પારેખ ઓઘડલાલ વીરપાલ
૧ ચત્રભુજ પરાગજી
૧ વોરા અમ્રતલાલ રાજપાલ
૧ શા તલશી વિ કચરા
૧ શા ઓતમ સુરચંદ
૨ શા લાલચંદ વિ દેવકરણ
૧ ગાંધી ગુલાબચંદ જેઠા (જાલીદર)
૧ શા ભુરા ગાંગજી
૧ તંબોળી, હેમચંદ અમરચંદ

૧ શા કેશવલાલ ડામરદાસ	૧ શા ફુલચંદ ચાંપશી
૧ શા ઓઘડ કાલીદાસ	૧ શા મગનલાલ કલ્યાણજી
૧ શા હેમચંદ માનસંગ	૧ શેઠ કસ્તુર વિ નરશીભાઈ
૧ કપાશી રઘુનથુભઇ	૧ શા ઓઘડદાસ બબલ
૧ શા ભગવાનલાલ છગનલાલ	૧ શા મનોરદાસ દેવચંદ
૧ મગનલાલ ભુરાભાઈ (નગરશેઠ)	૧ શેઠ મગનલાલ ગફલદાસ
૧ કપાશી જીવરાજ ખોડાદાસ	૧ શા નાગર જેચંદ, શ્રી વઢવાણકાંપ
૧ શા માણેકચંદ કુંવરજી	૧ સોની જેરામ ચાંપશી
૧ પારેખ વીરચંદ માહાદેવ	૧ સોની રતનશી લલુ
૧ પારેખ પીતામ્બર પ્રેમચંદ	૧ પારેખ કુંવરજી વિ. મહાદેવ
૧ શા કચરા કુંવરજી હાલ વીરમગામ	

૫૧ રા. રા. દપત્રી છગનલાલ વિ. નાનચંદની મારફતે.

૧ શા ઉજમશી પ્રેમચંદ	૧ રા. રા. ગોકલદાસ લાલચંદ શુકનપ્રભાના કરતા
૧ શા શીવલાલ દેવશી	૧ શા લાલચંદ દેવશી
૨ ગાંધી નાગરલાલ કચરાભાઈ	૧ ગાંધી વીરપાલ વિ. છગન
૨ વકીલ ઉજમસી વિ. ખેમચંદ	૧ દપત્રી જગજીવન વિ. ખેતસી
૨ પારેખ મગનલાલ પોપટલાલ	૧ દપત્રી સુખલાલ ખુશાલ
૧ વકીલ ભોલાભાઈ વીઠલ	૧ કપાશી મગનલાલ વિ. છગનલાલ
૨ ગાંધી પરભુ નથુ	૧ ગાંધી ડામર કચરા
૨ દપત્રી ખોડીદાસ અમરચંદ	૨ શા ફુલચંદ વખતચંદ
૧ દપત્રી ખોડીદાસ વિ મોતીચંદ	૧ પુજારા કેશવલાલ

શ્રી હલવદ

૧૭ દફતરી કસ્તુર વિ ટોકરભાઈની મારફત

૧ શા કસ્તુર વિ ટોકરભાઈ દફતરી	૧ મેહેતા ચકુ ઝવેર
૧ વકીલ લવજીભાઈ પુંજાભાઈ	૧ શા જસરાજ હરી દફતરી
૧ મેહેતા માણેકચંદ કેશવજી	૧ શા માણેકચંદ ભાણુજી
૧ મેહેતા ત્રીભોવન ઝવેર	૧ શેઠ મોતી ડુંગર
૧ મેહેતા કસ્તુર ઘેલાભાઈ	૧ શેઠ ત્રીભોવન નારણ
૧ મેહેતા મોહન ટોકરતથા પરભુ મહાદેવ	૧ સંઘવી કાનજી પાનાચંદ
૧ શેઠ ખોડીદાસ દેવચંદ	૧ શા તલશી સુંદરજી મુ. માલવણ
૧ મેહેતા માહાદેવ હરખજી	૧ શા લાલચંદ અમરચંદ વેગડવાવ,
૧ શા ગફલ મોતી	

"ટીકર રણની"

૧૯ મેહેતા જેચંદ વિ રામજી તથા ખંડોર વખતચંદ વિ નાનચંદની મારફત

૩ મેહેતા જેચંદ વિ રામજી	૨ ખંડોર વખતચંદ વિ નાનચંદ
૨ મેહેતા છગન વિ લાડકચંદ	૨ લોદરીયા લવજી વિ માણેકચંદ
૨ ખંડોર અંદરજી વિ નાનચંદ	૧ મેહેતા જીવરાજ વિ ચાંપશી
૧ મેહેતા હીરાચંદ વિ લખમીચંદ	૧ શા નરસી બેચર
૧ લોદરીયા વખતચંદ વિ ગણેસ	૧ સંઘવી હરજીવન વિ ડાહ્યા
૧ મેહેતા હરજીવન વિ લાડકચંદ	૧ ખંડોર ન્યાલચંદ વિ ભાઈચંદ
૧ ખંડોર પોપટ વિ. કશળચંદ	

"શ્રી સાણંદ"

૨૭ મેહેતા શાંન્તીલાલ જેસીંગભાઈની મારફતે

૧૦ શ્રી જૈનબોધ બુદ્ધિપ્રકાશ સભા તરફથી	૨ મેહેતા નાથાલાલ વિ અમીચંદ
૧ મેહેતા શાંન્તીલાલ જેસીંગ	૧ ,, કેશવજી વિ ચતુરભાઈ
૧ ,, કાલીદાસ વિ દેવકણુ મેનેજર	૧ ,, મણીલાલ વિ ઉકાભાઈ
૧ ,, ગોવનજી ઉમેદચંદ	૧ ,, હીરાચંદ વિ ભાઇચંદ
૧ ,, ચુનીલાલ ઉમેદચંદ	૧ વૈદ્યરાજ દેવશંકર રઘુનાથજી
૧ ,, દેવચંદ વિ ડાકરશીભાઇ	૧ દોશી સકરચંદ ચુનીલાલ
૧ ,, જીવરાજ વિ ચતુરભાઇ	૧ દોશી પુંજાલાલ ગુલાબચંદ
૧ ,, લાલાભાઇ વિ જેઠાભાઈ	૧ ,, ચાંપશી માણેકચંદ
	૧ શા મોહનલાલ વિ નગીનદાસ

શ્રી લીમ્બડી.

૧ પારેખ ધરમસી કચરા	૧ શા નાગરદાસ સુખલાલ
૧ દોશી મણીલાલ વેલસી	૧ પારેખ કાનજી તલકશી

૧૮ દોશી કેશવલાલ વિ લાલચંદની મારફતે

૫ પારી. ઉમેદચંદભાઇ નાનચંદ	૨ દોસી કેશવલાલ લાલચંદ
૧ શા પોપટલાલ મગનલાલ	૧ પારી કેશવલાલ ભાણજી
૧ ચોકશી ઝવેરચંદ મોતીચંદ	૧ પારી કસ્તુર મલુકચંદ
૧ ગાંધી શીવલાલ કસ્તુર	૧ પારી પનજી ગફલ
૧ ચોકશી માણેકચંદ મોતીચંદ	૧ પારી ખેમચંદ લાલચંદ
૧ શા ધરમસી નારણ	૧ પારી ભીખાભાઇ શોમચંદ હાલ વીરમગામ
૧ શા ખુશાલ માણેકચંદ	

શ્રી માંડલ.

૧૭ વેરા જેચંદભાઇ વિ ભાઇચંદની મારફતે

૨ વેરા જેચંદભાઇ વિ ભાઇચંદ
૧ વેરા ગુલાબચંદ લખમીચંદ
૧ શા ત્રીકમ જીવરાજ
૧ વેરા જેસીંગ અમૃતલાલ
૧ કોઠારી ખેમચંદ ડામરશી
૧ શા વીરચંદ રતનસી
૧ વેરા વાડીલાલ કેવળ
૧ શા અનુપચંદ લાડકચંદ
૧ શા ડોસાભાઇ દામોદરદાસ
૧ શા અમ્રતલાલ કાલીદાસ
૧ શા લખમીચંદ છગનલાલ
૧ વેરા નાનચંદ નાગજી
૧ વેરા પરશોતમ ધરમસી
૧ દોશી કેવળ કાળીદાસ
૧ વેરા ભોગીલાલ તલકસી
૧ દોસી લખમીચંદ શવચંદ

શ્રી વઢવાણ કાંપ

૨ વકીલ જીવણલાલ ફુલચંદભાઇ
૧ ધરૂ ડાહ્યાભાઇ નરોતમ
૧ શા છગનલાલ કસળચંદ
૧ ગાંધી નાનચંદ તલકચંદ
૧ શા જેચંદ માવજી
૧ શેઠ પ્રેમચંદ છગન
૧ શા ધરમશી જસરાજ
૧ શા પ્રેમચંદ દલીચંદ
૧ કોઠારી રામજી નાનજી
૧ શા ધરમશી સુંદરજી થાણા ફેરીસ્ત કારકુન
૧ શા મુળજી બેચરદાસ "મેનેજર"
૧ શા લવજીભાઇ ખુશાલ
૧ શા લલુ ગોવજી
૧ શા છગનલાલ અમુલખ
૧ ડુગરશી વિ ઠાકરસી
૧ શા પ્રેમચંદ દલીચંદ
૧ મોહનલાલ જેમલ
૧ શા અમીચંદ ઝીણાભાઇ વાસણના વેપારી
૧ શા જગજીવન મુલચંદ ચોટીલા
૧ શા ભુદર મોનજી

૧ કોઠારી જેચંદ પુરશોતમ
૧ શા ખેમચંદ ગોકલદાસ
૧ બગડીઆ હરજીવન વધમાન

૧ શેઠ હરી પાનાચંદ
૧ બગડીઆ સુંદરજી વલુ

"શ્રી વીરમગામ"

૨૨ શા છોટાલાલ મોહનલાલ મારફતે

૧ શા છોટાલાલ મોહનલાલ
૧ દોશી કસ્તુર ચતુરભુજ
૧ શા ગંભીર મોતીચંદ
૧ શા રાયચંદ કાલીદાસ
૧ શા અમીચંદ હરજીવન
૧ શા વાડીલાલ તલકસી
૧ શા લાલચંદ વિ કેશવજી
૧ શા પુરશોતમભાઈ લાલચંદ
૧ શા ગંગારામ વ્રજલાલ
૧ રાજેશ્રી મણીલાલ કેશવલાલ "ડાકતર"
૧ શા જીવણલાલ કાલીદાસ

૧ શા તલકસી ઝવેર
૧ શા પ્રેમચંદ હરજીવન
૧ શા ખેમચંદ વિ ગોવનજી
૧ શા છોટાલાલ જોઇતાદાસ
૧ મગનલાલ લાલચંદ
૧ શા લલુભાઈ વિ મગનલાલ
૧ ભાવશાર હરજીવન નથુભાઈ
૧ શા કમળશી મુલચંદ
૧ શા પ્રેમચંદ કેશવજી
૧ પારી છગન પીતામ્બર (હરચંદ)
૧ શા મોહનલાલ જેચંદ

૧૪ શા જેમલભાઈ સુખલાલની મારફતે

૨ પારી જગજીવન જેચંદ મહુધા સ્ટેશન નડીયાદ
૧ શા વેલશી માણેકચંદ
૧ પારી ભીખાભાઈ સોમચંદ લીંબડી

૧ શા મનસુખ ખોડીદાસ
૧ શા નાગરદાસ ઓતમ
૧ શા નાથાલાલ પુરશોતમ
૧ શા કેશવલાલ છગનલાલ પાનવાળા

૧ શા ડોશાભાઈ હઠીસંગ	૧ શા મોહનલાલ કચરા
૧ શા મગનલાલ લલુ	૧ ઝવેરી પોપટલાલ કેવળભાઈ
૧ ડાકતર સુખલાલ જીવણલાલ શાહ	૧ વકીલ તલકસી કરમચંદ શાહ

૧૨ શા કેશવલાલ વિ ઉમેદચંદની મારફતે

૧ ગાંધી અમરસી રવચંદ	૧ શા સોમચંદ સંઘજી
૧ ગાંધી પોપટલાલ સાંકળચંદ	૧ શા નાગર શાન્તીદાસ
૧ ગાંધી વાડીલાલ કચરા	૧ ગાંધી ટોકરસી પાનાચંદ
૧ શા છોટાલાલ જેસીંગ	૧ શા જસરાજ ડાહ્યાભાઈ
૧ શા ખેમચંદ ગોવનજી	૧ શા કચરાભાઈ લલુભાઈ
૧ શા ભગવાનલાલ ઘેલાભાઈ	૧ શા મગનલાલ અમરશી

૫ શા મનસુખલાલ ખોડીદાસની મારફતે

૧ શા જેમલલાલ સુખલાલ	૧ શા ઓતમ ગણજી
૧ શા મફતલાલ હઠીસંગ "ફોટોગ્રાફર"	૧ શા પરભુલાલ ઘેલાભાઈ
૧ શા જેઠાભાઈ વીરજી	

"શ્રી પાટડી"

૩ શા વાડીલાલ ભુદરદાસ

૯ મણિઆર મોહનલાલ વિ મોતીચંદની મારફતે

૧ ગાંધી લખમીચંદ લાલજીભાઈ	૧ શા દીપચંદ ચંદાભાઈ
૧ શા મોહનલાલ જીવરાજ	૧ શા લલુભાઈ છગનભાઈ
૧ પારેખ મફતલાલ ગોકળદાસ	૧ શા ઠાકશીભાઈ વરવા

૧ શા કપુરચંદ મલુકચંદ

૧ શેઠ માધવજી ડાહ્યાભાઈ

૧ શેઠ દેવશીભાઇ મોહનલાલ

"શ્રી માલવણ"

૧ ગાંધી મોતીચંદ લાલજી

૧ શા હઠીસંગ નથુ

૧ ગાંધી સંઘજી એચર

"શ્રી બજાણા"

૧ શા ગફુલ હઠીસંગ

૧ શા ઉજમસી ગગજી

"શ્રી કુવા"

૧ વોરા ભાઈચંદ વિ જીવરાજ

૧ વોરા કાળીદાસ વિ ખુંદરજી

૧ સંઘવી ત્રેચંદ ટોકર "વાંટાવદર"

૧ શા ડામર નથુ મુ. થળા

શ્રી વઢવાણ શેહેર

રા. રા. પુરૂષોતમ વિ ઓઘડલાલ ઠાકરસી નગરશેઠ

"શ્રી અમદાવાદ"

૧ શા કેશવલાલ છગનલાલ સુ. શે. પો.

૧ શા હીરાલાલ ભીખાભાઈ સુ. શે. પો.

૧ શા સકરચંદ અમથાભાઈ ॥

૧ શા પોપટલાલ કસ્તુરચંદ ॥

૧ શા પ્રેમચંદ પોચા હા. રા. પો. ચુનીલાલ વાડીલાલ માં. કા. પો.

૧ શા દલપતભાઈ લલુભાઈ શામળા, પો.

૧ શા સાંકળચંદ તરભોવનદાસ સુ. શે. પો.

શ્રીમન સ્વામી ભ્રાતાઓ, આપ મુરબ્બી મેહેરબાનોને એવી સૂચના આપવાની કે આ "સ્તવનચિન્તામણી" નામની ચોપડી જેઓ સાહેબોને જોઈતી હોય તેઓએ નીચે લખેલા ઠેકાણેથી રોકડી કીંમતે મગાવી લેવી.

"અમદાવાદ"–"જૈનધર્મ વર્ધક સભા" ઠા. રતન પોળમાં,સાગરના ઉપાસરે.

"સાણંદ"–"જૈનબોધ બુદ્ધિપ્રકાશ સભા, ઠા. મધ્ય બજાર.

"ધ્રાંગધ્રા"–"જૈનસમાજ (શા. વખતચંદ વિ. કસળચંદ) ઠા. ફૂલ ગલી.

સામટી મંગાવનારને સેંકડે (૧૫) પંદર ટકા પ્રમાણે કમીશન આપવામાં આવશે વધારે ખુલાસો પત્ર દ્વારાએ થશે, નાટપેડ કાગળ લેવામાં આવશે નહીં.

લી. ધ્રાંગધ્રા જૈનસમાજ.

કાઠીઆવાડ.